# શ્રી આત્માનંદ પ્રકાશ



ATMANAND PRAKASH

## જીવનનું ધ્યેય

નીરોગી શરીર, તેજસ્વી બુદ્ધિ અને ઉચ્ચ ગુણોથી અલંકૃત હૃદય જેને પ્રાપ્ત થયા હોય તેને આ પૃથ્વી પર મેળવવા જેવું કંઇ જ બાકી રહ્યું નથી એમ કહી શકાય. સામાન્ય જીવનમાં ધન, સત્તા, કીર્તિને આપણે મહત્ત્વ આપીએ છીએ; પરંતુ શરીર, મન અને આત્માની સમૃદ્ધિ ધરાવતી વ્યક્તિ માટે એમાંનું કંઈ જ મેળવવાનું કઠિન નથી. ધન, સત્તા કે કીર્તિ એના માર્ગમાં સહજ રીતે જ આવે છે—એનો સ્વીકાર કર્યા પછી જો એ થોભી જાય તો એની શક્તિઓ ક્ષીણ થવા માંડે અને એ જો આગળ વધવાનો નિશ્ચય કરે તો ધન, સત્તા ને કીર્તિ મહત્ત્વ વિનાનાં બની જાય. કહેવાનું તાત્પર્ય એ કે જીવનમાં માત્ર કરવા જેવું ખરેખર કંઇ હોય તો દેહનું આરોગ્ય, બુદ્ધિની તેજસ્વિતા અને હૃદયના-આત્માના ગુણોની પ્રાપ્તિ છે. એની પાસે બાકીનું બધું તુચ્છ છે, નિસાર છે.

'જીવનમાધુરી'


પુસ્તક ૫૬
અંક ૧-૨

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

કા.-મા.
સં. ૨૦૧૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ મૈત્રી ભાવના | | ૧ |
| ૨ ચૈત્યવંદન ચતુર્વિંશતિકા-સાનુવાદ | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ. ) | ૨ |
| ૩ સરસ્વતીપૂજન | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૪ |
| ૪ શ્રી હેમચન્દ્રાચાર્યજીને | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૬ |
| ૫ દષ્ટાન્તો અને ઉપમાઓ | ( પ્રા. જયંતિલાલ ભા. દવે ) | ૭ |
| ૬ આચાર અને વ્યવહાર | ( જરઠ ) | ૯ |
| ૭ નૂતનવર્ષમાં પ્રવેશ | ( શ્રી કાન્તિલાલ જ. દોશી ) | ૧૦ |
| ૮ પરિણામની ધારા | ( શ્રી મોહનલાલ દી. ચોકસી ) | ૧૨ |
| ૯ સત્ય મિત્રતાનું સ્વરૂપ | ( અનુ. શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૪ |
| ૧૦ સુખ અને દુઃખ | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૧૭ |
| ૧૧ ગુજરાતના ગામડાઓ | ( મુનિરાજશ્રી વિશાળવિજયજી ) | ૨૦ |
| ૧૨ ચિંતન અને મનન | ... ... | ૨૧ |
| ૧૩ કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ૨૨ |
| ૧૪ સ્વીકાર | | ૨૩ |


### નવા લાઈફ મેમ્બર

શેઠ જયંતીલાલ રતનચંદ      મુંબઈ

## ખેદજનક અવસાન

### શા મોહનલાલ મગનલાલ

આપણી સભાના લાઈફ મેમ્બર શા મોહનલાલ મગનલાલ સમેતશિખરજીની યાત્રાએ જતા દીલ્હી મુકામે સં. ૨૦૧૪ના આસો વદી ૪ તા. ૩૧-૧૦-૫૮ના રોજ અવસાન પામ્યા તેની નોંધ લેતા અમે ઘણી જ દિલગીરી અનુભવીએ છીએ. સ્વર્ગસ્થ શાન્ત સ્વભાવી, સેવાભાવી અને ધાર્મિક વૃત્તિવાળા હતા. તેઓશ્રી આપણી સભા પ્રત્યે પણ સારો પ્રેમ ધરાવતા હતા. એમનો આત્મા ચિરસ્થાયી શાંતિ પામે એવી પ્રાર્થના.

### શા હરજીવનદાસ મૂળચંદ

ખડસલીયાનિવાસી આ બંધુ સં. ૨૦૧૪ના ભાદરવા વદ ૧૪ ને શનિવારના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓ સ્વભાવે મિલનસાર, ધર્મપ્રેમી અને ક્રિયારુચિવાળા હતા. તેઓ આપણી સભાના ઘણાં વર્ષોથી મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી સભાને લાયક સભાસદની ખોટ પડી છે: અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ પ્રાર્થી તેમના કુટુમ્બીજનોને દિલસોજી પાઠવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૬ મું ] સં. ૨૦૧૫ કારતક-માગશર [ અંક ૧-૨

# મૈત્રીભાવના

મૈત્રી ભાવનાના સતત અભ્યાસથી ઇર્ષ્યા, અસૂયા, વૈર વગેરે અનેક માનસિક મળો નાશ પામે છે, તેથી ચિત્ત નિર્મલ અને પ્રસન્ન બને છે, અર્થાત્ યોગની સાધના માટે ચિત્ત યોગ્ય બને છે. મૈત્રી ભાવનાના પ્રભાવથી આપણને સત્વ, શીલ, સજ્જનતા, ઔદાર્ય, વિશાળતા વગેરે અનેક સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે. ચિત્તમાં રહેલ દ્વેષાદિ મળો વસ્તુસ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં પ્રતિબંધક છે. મૈત્રી ભાવનાથી તે મળો ધોવાઇ જાય છે અને આપણને નિર્મલ બોધની પ્રાપ્તિ થાય છે. મૈત્રી ભાવનાવડે સર્વ પ્રાણીઓ આપણા તરફથી નિર્ભય બને છે અને પરિણામે આપણને પણ સાર્વભૌમ નિર્ભયતા સિદ્ધ થાય છે.

"ધર્મબીજ"માંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वाचकश्रीक्षमाकल्याणगणिप्रणीत

त्रैलोक्यप्रकाशाख्यं जिनचैत्यवन्दनम् ।

अथवा

# चैत्यवन्दनचतुर्विंशतिका ।

ભાવાર્થકાર :— પંન્યાસજી મહારાજ શ્રી સુશીલવિજયજી ગણી.

## प्रथमतीर्थङ्कर-
## श्रीऋषभजिनेन्द्र-चैत्यवन्दनम् [ १ ]

( शार्दूलविक्रीडित-छन्दः )

सद्भक्त्यानतमौलिनिर्जरवरभ्राजिष्णुमौलिप्रभा-
संमिश्राऽरुणदीप्तिशोभचरणाम्भोजद्वयः सर्वदा ।
सर्वज्ञः पुरुषोत्तमः सुचरितो धर्मार्थिनां प्राणिनां,
भूयाद् भूरिविभूतये मुनिपतिः श्रीनाभिसूनुर्जिनः ॥ १ ॥

ઉત્તમ ભક્તિથી નમેલા મસ્તકવાળા ઈન્દ્રોના દેદીપ્યમાન મુકુટોની કાન્તિથી મિશ્રિત થયેલ લાલ કાન્તિની શોભાવાળા જેના ચરણયુગલ છે તે, સર્વજ્ઞ, પુરુષોમાં ઉત્તમ, સચ્ચારિત્રવાન્ શ્રી નાભિ મહારાજાના પુત્ર, મુનિઓના સ્વામી અને જિન શ્રી ઋષભતીર્થંકર ધર્મના અર્થી પ્રાણીઓને ભૂરિ વિભૂતિ આપનાર હમ્મેશાં થાઓ. (૧)

सद्बोधोपचिताः सदैव दधता प्रौढप्रतापश्रियो,
येनाऽज्ञानतमोवितानमखिलं विक्षप्तमन्तःक्षणम् ।
श्रीशत्रुञ्जयपूर्वशैलशिखरं भास्वानिवोद्भासयन्,
भव्याम्भोजहितः स एष जयतु श्रीमारुदेवप्रभुः ॥ २ ॥

ઉત્તમ બોધથી પુષ્ટ એવી, પ્રૌઢ પ્રતાપની શોભાને સર્વદા ધારણ કરતા એવા, સમગ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાનરૂપી અંધકાર સમૂહને ક્ષણમાં જેણે ફેંકી દીધો છે, અને શ્રી શત્રુંજય તીર્થના પૂર્વ શિખરને સૂર્યની જેમ પ્રકાશિત કરે છે એવા, ભવ્યરૂપી કમલને વિકસ્વર કરનાર, તે આ શ્રી મરુદેવાના નંદન શ્રી ઋષભદેવ ભગવાન્ જયવંતા વર્તો. (૨)

यो विज्ञानमयो जगत्त्रयगुरुर्यं सर्वलोकाः श्रिताः,
सिद्धिर्येन वृतासमस्तजनता यस्मै नतिं तन्वते ।
यस्मान्मोहमतिर्गता मतिभृतां यस्यैव सेव्यं वचो
यस्मिन् विश्वगुणास्तमेव सुतरां वन्दे युगादीश्वरम् ॥ ३ ॥

જે વિજ્ઞાનરૂપ છે, સર્વ લોકો જેણે આશ્રયે ગએલા છે, જેણે સિદ્ધિને મેળવી છે, જેને જનતા નમસ્કાર કરે છે, જેનાથી મોહબુદ્ધિ ચાલી ગઇ છે, બુદ્ધિમાનોને જેમનું વચન સેવ્ય છે, જેમાં સમગ્ર ગુણો છે એવા યુગાદીશ્વરને ખૂબ જ વંદન કરું છું. (૩)

## द्वितीयतीर्थंकर-

# श्रीअजितनाथजिनेन्द्र-चैत्यवन्दनम् [२]

( मालिनी-छन्दः )

सकलसुखसमृद्धिर्यस्य पादारविन्दे,
विलसति गुणरक्ता भक्तराजीव नित्यम् ।
त्रिभुवनजनमान्यः शान्तमुद्राऽभिरामः,
स जयति जिनराजस्तुङ्गतारङ्गतीथ ॥ १ ॥

જેના ચરણકમળમાં ગુણથી રંગાયેલી ભક્ત જનની પંક્તિની જેમ સર્વદા સકલ સુખની સમૃદ્ધિ વિલાસ પામે છે, જે ત્રણ ભુવનના જીવોને માનનીય છે, જે શાન્ત મુદ્રાથી મનોહર છે, એવા શ્રી અજિતનાથ જિનરાજ ઊંચા તારંગાતીર્થ પર જયવંતા વર્તે છે. (૧)

प्रभवति किल भव्यो यस्य निर्वर्णनेन,
व्यपगतदुरितौघः प्राप्तमोदप्रपञ्चः ।
निजबलाजितरागद्वेषविद्वेषिवर्गं,
तमजितवरगोत्रं तीर्थनाथं नमामि ॥ २ ॥

જેના દર્શનથી ખરેખર ભવ્યજનનો દુરિત-રાશિ ( પાપસમૂહ ) દૂર થાય છે અને તે આનંદનો સંભોગ પ્રાપ્ત કરે છે અને જેણે પોતાના બળથી રાગ-દ્વેષાદિ અંતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સરસ્વતીપૂજન

(હરિગીત)

( કાવ્યના જુદા જુદા અંગોને અલંકાર
કલ્પી કવિ સરસ્વતીનું પૂજન કરે છે. )

કવિ પંડિતો તુજને નમે નિજ કવનના પ્રારંભમાં,
તારી કૃપાની યાચના કરતા દિસે મંગલિકમાં;
તારી કૃપા વિણુ કવિવરો પણુ સાધના નવ સાધતા,
શબ્દોતણી સૃષ્ટિ રચે એ સર્વ તુજ પદ પૂજતા. ૧

હો શારદે! પ્રતિભાતણી શૃંગાર સાડી અર્પતા,
આનંદ ને મંગળ બની મન અનુભવે સુપ્રસન્નતા;
શુભ વિવિધ ગંધી વર્ણ-કુસુમો માલિકા ગૂંથી કરું,
તુજ કંઠમાં કરવા સમર્પણુ હૃદય ભક્તિ ઉચરું. ૨

મંગલ તિલક તુજ ભાલદેશે શ્લેષરૂપે અર્પતા,
નાચી ઉઠે આત્મા-મયૂર મુજ મધુર કેકા બોલતા;
છે લલિત સુમધુર શબ્દરચના હાસ્ય તારા મુખતણું,
ઉપમા અલંકૃતિ છંદ ગૂંથી રૂચિર મંડણુ ભાવનું. ૩

---

વેરીનો વર્ગ જીતી લીધો છે એવા તે અજિત ઉત્તમ ગોત્રવાળા **શ્રી અજિતનાથ તીર્થંકરને** હું નમન કરું છું. (૨)

नरपतिजितशत्रोर्वंशरत्नाकरेन्दुः,
सुरपति-यतिमुख्यैर्भक्तिदक्षैः समर्च्यः ।
दिनपतिरिव लोकेऽपास्तमोहान्धकारो
जिनपतिरजितेशः पातु मां पुण्यमूर्तिः ॥ ३ ॥

જે જિતશત્રુ રાજાના વંશરૂપી સમુદ્રને ઉલ્લાસ કરવામાં ચંદ્ર સમાન છે, ભક્તિનિપુણુ સુરેન્દ્રો અને મુનીન્દ્રોથી જે પૂજનીય છે, જેણે લોકમાં સૂર્યની જેમ મોહરૂપી અંધકારને દૂર કર્યો છે એવા પવિત્રમૂર્તિ **શ્રી અજિતનાથ જિનવર** મારું રક્ષણુ કરો. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાનુકૂલા રસભરી મૃદુ ઝંકૃતિ રચના કરી,
પૂજા અને ભક્તિ સમર્પું ભાવના આગળ ધરી;
ઝાંઝર રચ્યા યમકો સમર્પી ત્રાસ ઝીણા નાદના,
તારા ચરણની શોભના વધતી અલંકૃતિ છંદના. ૪

દૃષ્ટાંત ઉત્પ્રેક્ષાદિ મણિ મુક્તાફલે માલા રચી,
કંઠે સમર્પી તાહરા તું શોભતી છે જિમ *શચી;
ઉપહાસ રચના બોધતી જે પંડિતોને ભાવતી,
મન મોદ પ્રગટે રુચિર મંગલ શાંતિ ચિત્તે લાવતી. ૫

શૃંગાર કરુણા વીર રસ ને હાસ્ય શાંતિ શોભતી,
રસથાળ પિરસ્યા અમૃતસમ મિષ્ટાન્ન ભોજન ભાવતી;
ઉલ્હાસ જાગે મન વિષે ફલ આત્મતૃપ્તિ ચાખતા,
સ્હેજે વધે મન મોદ અદ્ભૂત સ્વાનુભવ આરોગતા. ૬

છંદો તણા કંકણ મનોહર મણિ અને રત્નોતણા,
શાર્દૂલ ને મંદારમાલા શિખરિણી બહુ જાતના;
કટિમેખલામાં ઇંદ્રવજ્રા માલિની ને શાલિની,
જે કર્ણમધુરા પોષતી રસમાધુરી કવિજનતણી. ૭

હો શારદે! આશીશ તારી મસ્તકે મુજ અર્પજે,
તારા ચરણની પૂજના મુજ અલ્પમતિ સ્વીકારજે;
મમ તોતલી ને અર્થહીના બુધજનોના હાસ્યની,
વાણી ભલે હો બાલઉચિતા વડિલના કૌતુકતણી. ૮

શ્રી બાલચંદ હીરાચંદ, 'સાહિત્યચંદ્ર'

* ઇંદ્રાણી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શાસનસુધાકર

# શ્રી હેમચન્દ્રાચાર્યજીને

(રાગ–મેહુલો ગાજે ને માધવ નાચે)

શાસનના આભલે પૂર્ણિમા ખીલી,
અમૃતમય હેમચન્દ્ર શોભા ધરે;
પંડિતના વૃન્દ સમા ટમકંતા તારલા,
ધરણી અનુપમ ફુદડી ફરે. શાસન. ૧

કાવ્ય–ગ્રન્થ–ચન્દ્રિકા ચમકે રૂપાળી,
શીતળતા સજ્જનોના હૃદયો ધરે;
સાહિત્ય સરોવરે ખીલ્યાં કુમુદો,
ભવિજન ચકોર રમ્ય ગાન કરે. શાસન. ૨

ઔષધિમાં હેમચન્દ્ર અમૃત છાંટે,
મુમુક્ષુના ભવતાપને હરે;
કાર્તિકપૂર્ણિમા શી શોભે રસાળી,
દેવબાલ બાલિકાઓ રાસે રમે. શાસન. ૩


સર્વજ્ઞ સાગરના સુધામય પૂંજથી,
અહિંસા સત્ય ક્ષમા શીલ નિર્ઝરે;
એવા અમૃતભર્યાં સ્મિતને વહાવી,
વિશ્વ સર્વ **હેમચન્દ્ર** હર્ષે ભરે. શાસન. ૪

ચોરાશી પૂર્ણિમાઓ અજવાળી સુંદર,
**અજિત** અમરપદ પ્રાપ્તિ કરે;
જયવન્તી કીર્ત્તિ પ્રસરી આ વિશ્વમાં,
**લક્ષ્મીના સાગર** સ્મરણો સ્મરે. શાસન. ૫

**મુનિ મહારાજ શ્રી લક્ષ્મીસાગરજી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દાર્શનિક સાહિત્યમાં
# દૃષ્ટાન્તો અને ઉપમાઓ

( પ્રા. જયંતિલાલ ભાઇશંકર દવે. એમ.એ. )

દર્શનશાસ્ત્રનું ધ્યેય શું ? એવો પ્રશ્ન જો પૂછવામાં આવે તો જવાબમાં એમ કહી શકાય કે વિશ્વના બંધારણમાં કયા કયા તત્ત્વો રહેલાં છે તેનો સાચો યથાસ્થિત, તર્કશુદ્ધ ખ્યાલ આપવો તે છે. પણ તત્ત્વજ્ઞાનના પ્રશ્નોનો ઉકેલ મુખ્યત્વે દર્શનશાસ્ત્રની ભાષામાં જ વ્યક્ત કરેલો હોય છે. સામાન્ય લોકોને તો આ બધું ગ્રીક અને લેટિન જેવું અપરિચિત જ લાગે. દર્શનશાસ્ત્રીઓને આ વાતની પહેલેથી જ ખબર હોવી જોઈએ કારણ કે જગતભરમાં તત્ત્વજ્ઞાનીઓએ પોતાની તર્કશુદ્ધ દલીલો લોકોને જલ્દી સમજાઈ જાય તે સારુ ઘણીવાર ઉપમાઓનો અને પ્રસંગોપાત્ત દૃષ્ટાંતોનો ઉપયોગ ખૂબ વિપુલ પ્રમાણમાં કરેલો છે. ધર્મોપદેશમાં આ દૃષ્ટાંતોનો ઉપયોગ ખૂબ વિપુલ પ્રમાણમાં થયેલો જોવામાં આવે છે. દાખલા તરીકે પુરાણોની કથાઓ, રામાયણ, મહાભારત, યોગવાસિષ્ઠ વગેરેમાં હિંદુ ધર્મની અનેક કથાઓ જોવામાં આવે છે. બાઈબલમાં પણ ઈસુખ્રીસ્ત ધર્મોપદેશકુશળ હોવાથી દૃષ્ટાંતોનો ઉપયોગ છૂટે હાથે કરતા. ઉડાઉ દીકરાની વાત (Parable of the Prodigal Son) તો બાઈબલમાં ખૂબ પ્રસિદ્ધ છે. જર્મન તત્ત્વજ્ઞાની નિત્શે પૂર્વજીવનમાં બાઈબલનો અઠંગ અભ્યાસી હતો કારણ કે તેના માબાપની એવી ઇચ્છા હતી કે નિત્શે પાદરી થાય. પરંતુ તેની વિચારસરણિ બદલાઈ ગઈ અને તે પાકો નાસ્તિક થઈ ગયો. તેમ છતાં બાઈબલનાં કાવ્યમય દૃષ્ટાંતોની ઘેરી અને ઊંડી છાપ તેના મગજમાં રહી ગઈ હતી.

બૌદ્ધ ધાર્મિક સાહિત્યમાં કથાસાહિત્ય ઘણું જ મોટું છે. બુદ્ધે જુદા જુદા પ્રસંગોએ ધર્મોપદેશ કર્યો અને પોતાના મતનું વિવરણ કર્યું એ બધાનો સમાવેશ પિટકમાં થાય છે. ખૂબ લાંબા પ્રવચનોનો સંગ્રહ નિકાય કહેવાય છે. તદુપરાંત બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યા પછી ભિક્ષુઓએ અને ભિક્ષુણીઓએ જીવનમાં જે આમૂલ ક્રાંતિ કરી અને અનિર્વચનીય આનંદ અને શાંતિ પ્રાપ્ત થયાં તેનું વર્ણન ગાથાઓમાં છે. ભિક્ષુઓએ રચી તે થેર ગાથા કહેવાય છે. સંસ્કૃત શબ્દ સ્થવિરનું અપભ્રંશ થેર છે અને તેનો અર્થ સ્થિતપ્રજ્ઞ જેવો થાય છે. આ ગાથાઓ સાહિત્યિક દૃષ્ટિએ અત્યંત મનોહર અને કાવ્યમય છે. બૌદ્ધ ગાથાઓમાંથી એક દૃષ્ટાંત અહિં આપવું અસ્થાને નહિં ગણાય. જગતમાં સાધુપુરુષો કરતાં દુષ્ટ લોકો વધારે હોય છે એવી કાયમી ફરિયાદ આપણે સાંભળીએ છીએ. લોકો સાધુ જનોને બહુ જ સતાવે છે, છતાં સાધુધર્મ તો એવો છે કે સહન કરવું અને ક્ષમા કરવી. ક્રોધાયમાન થવાનો પ્રસંગ હોય છતાં ક્રોધ ન કરવો અને ક્ષમા આપવી. આ વાત સામાન્ય લોકોને જરા દુર્બોધ લાગશે પણ સંતોની જીવનકથાઓ આવા દૃષ્ટાંતોથી ભરપૂર છે. જમણે ગાલે તમાચો વાગે તો ડાબો ગાલ ધરવામાં સંત પાછી પાની નહિ કરે, બૌદ્ધભિક્ષુ કહે છે કે :—

**अहं नागीव संगामे चापतो पतितं सरम् ।**
**अतिवाक्यं तितिक्खिस्सं दुःसीलो हि**
**बहुज्जनो ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે કે જેમ સંગ્રામ અથવા યુદ્ધમાં નામ અથવા હાથી ધનુષ્યથી છૂટેલું બાણુ પોતાના શરીરમાં ભોંકાય તો પણ સહન કરી લે છે તેવી રીતે હું અતિવાક્ય એટલે મર્યાદા બહારનાં વાક્યો અર્થાત અપશબ્દ-વાળાં-ગાળવાળાં કડવાં વચનો હું સહન કરી લઈશ. જગતમાં દુઃશીલ એટલે દુષ્ટ માણુસો બહુ છે. આવાં અને આથી વિશેષ કાવ્યમય ઉપમાઓ ગાથા સાહિત્યમાં ખૂબ ભરી છે. ખરી રીતે જોઈએ તો ધર્મ અને નીતિના મૂળમાં તત્ત્વજ્ઞાન ભરેલું હોય છે. જ્યારે તત્ત્વજ્ઞાન વિદ્વદ્‌ભોગ્ય જ રહે છે ત્યારે ધર્મકથાઓ અને નીતિકથાઓ લોકસમુદાય માટે તત્ત્વજ્ઞાનનું સ્થાન લે છે. એક અંગ્રેજ લેખક યથાર્થ જ કહે છે કે But Truth embodied in a tale shall enter in at lowly doors " અર્થાત્ તત્ત્વજ્ઞાનનાં ગૂઢ સત્યોને કથાવાર્તા દ્વારા વ્યક્ત કરવામાં આવે તો તત્ત્વજ્ઞાનમૂલક સત્ય ઝૂંપડાઓ સુધી પહોંચી જશે. એટલે તો દુનીયાભરમાં ઉપદેશના એક અમોઘ સાધન તરીકે કથાઓનો ઉપયોગ થયેલો જોવામાં આવે છે.

હિંદુસ્થાનના ધાર્મિક કથાસાહિત્યમાં જૈન કથાનુયોગ ઘણું ઊંચું સ્થાન ભોગવે છે. કથાસાહિત્યની એક બીજી ખુબી એ છે આબાલવૃદ્ધ સર્વ લોકોને તે હૃદયંગમ બને છે. એટલું જ નહિં પણ પરમ ઉપકારી પણ બને છે.

સમગ્ર જૈન તત્ત્વજ્ઞાનને વાર્તામાં વણી લેવાનો પ્રયાસ શ્રી સિદ્ધર્ષિગણિએ કર્યો છે. એણે રચેલા ગ્રંથનું નામ છે ઉપમિતિભવપ્રપંચાકથા. ઉપમિતિ એટલે ઉપમાઓ અને દૃષ્ટાંતો દ્વારા સંસારનો સર્વ પ્રપંચ બતાવવો એ આ કથાનો આશય છે. માનસશાસ્ત્રના પુસ્તકમાં ચિત્તમાં મનોવિકારો Feelings and Emotions કેવી રીતે થાય છે, તેનું શાસ્ત્રીય વર્ણન આપેલું હોય છે. પણ માનસશાસ્ત્ર એટલે ખરી રીતે મનની તાત્ત્વિક ચર્ચા, અને શાસ્ત્ર એટલે આખરે શાસ્ત્ર જ. બુદ્ધિપ્રમાણિત દલીલો સમજવા માટે કોણ આતુર હોય છે ? પણ કથા-વાર્તા વાંચવી કે સાંભળવી સૌને ગમે. મનોવિકારોનું શાસ્ત્રીય સમાલોચન કે વર્ણન વાંચનારને શુષ્ક લાગે છે અને વાંચવાનું જ બંધ કરી દે છે, પણ કથાદ્વારા કાવ્યમય રીતે તેનું વર્ણન હૃદયંગમ અને કાયમી અસર કરનારૂં નીવડે છે. આ ઉપમિતિ કથા ઘણી લાંબી છે. તેમાં પાત્રો અને સ્થાનો ઘણાં છે. છતાં તેમાંથી એક દૃષ્ટાંત ટુંકાવીને લેવાની લાલચ હું છોડી શકતો નથી. રાજપુત્ર નંદિવર્ધન નામે એક સંસારી જીવ છે. તેના ઉપર ક્રોધ નામનો મનોવિકાર કેટલી બધી પ્રબળ અસર કરે છે અને પ્રાણાતિપાત એટલે હિંસા તેને કેવી ભયંકર સ્થિતિમાં મૂકી દે છે તેનું લંબાણુ વર્ણન છે. એક મનોવિકાર અથવા દોષ પ્રાણીને કેટલો અધમ બનાવી શકે છે, તેનું તદ્દશ વર્ણન અહિં આપ્યું છે. અંતર કથા તરીકે સ્પર્શેન્દ્રિયની આસક્તિ પ્રાણીને કેટલો બધો ત્રાસ આપે છે તેનું પણ વિસ્તારપૂર્વક વર્ણન કર્તાએ આપ્યું છે. આસક્તિનો ત્યાગ કેટલી ઊંચી ભૂમિકાએ જીવને પહોંચાડે છે તે પણ સમજાવ્યું છે. માણુસ જાતના છ દુશ્મનો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર મનુષ્યને કેટલા બધા હાનિકર છે, તેનું સુંદર વર્ણન આ કથામાં કરવામાં આવ્યું છે.

હવે સંસ્કૃત નાટક સાહિત્ય તરફ જરા નજર ફેરવીએ. પ્રબોધચંદ્રોદય નામનું નાટક જો કે શાકુંતલ કે ઉત્તરરામચરિત જેવું લોકપ્રિય નહિં હોય પરંતુ સાહિત્યરસિક વિદ્વાનોમાં તે ઘણા આદરને પાત્ર થયું છે. આ નાટકના લખનાર છે શ્રી કૃષ્ણમિશ્ર યતિ. તેને માટે એમ લોકવદંતી છે કે તે દંડી સંન્યાસી હતો, પોતાનો આશ્રમધર્મ પાળવા ઉપરાંત લોકસંગ્રહ લોકોપકાર ખાતર અનેક શિષ્યોને ભણાવતો એણે જોયું કે લોકોની રુચિ શૃંગારરસપ્રધાન કાવ્યો અને નાટકોમાં છે અને અધ્યાત્મમાં બીલકુલ નથી. આ સ્થિતિ તેને અસહ્ય લાગી તેથી તેણે પ્રબોધચંદ્રોદય નામના નાટકનું નિર્માણ કર્યું. નાટકકાર વેદાંતી છે અને નાટકનો વિષય છે આત્મસાક્ષાત્કાર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન્મુક્તિ. આત્મસાક્ષાત્કાર અને જીવન્મુક્તિ કેવી રીતે થાય તે કાવ્યમય ભાષામાં, આલંકારિક અને મનોહારી શૈલીએ બહુ સરસ રીતે તેણે નિરૂપણ કર્યું છે. આવો બીજો પ્રયત્ન તેરમી સદીના વેદાંતાચાર્ય શ્રી વેદાંતદેશિકે પણ કર્યો છે. તે રામાનુજ સંપ્રદાયના હતા. તેમના રચેલા નાટકનું નામ છે શ્રી સંકલ્પસૂર્યોદય. આમાં વિવેક નામના રાજાને મહામોહ નામના બીજા રાજા સાથે યુદ્ધ થાય છે પણ ઈશ્વરકૃપાથી બધાં સારાં વાનાં થાય છે. સંકલ્પસૂર્યોદયમાં માનવ જીવન ખરેખર એક સંગ્રામમય ઘટના છે એમ બતાવ્યું છે. દરેક ધર્મ અને મતમતાંતરોમાં આ વાત સ્વીકૃત થયેલી છે. જીવનમાં દૈવી અને આસુરી શક્તિઓનો સંગ્રામ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. પુરુષાર્થવડે અને ઈશ્વરવાદીઓના મતે ઈશ્વરની અપાર કૃપા અને કરુણાવડે આ સંગ્રામનો સુખકારક અંત આવે છે.

મનુષ્યજીવન બધે સરખું જ હોવાથી જગતના ધાર્મિક અને દાર્શનિક સાહિત્યમાં આ પ્રકારનાં કથાનકો, દૃષ્ટાંતો અને ઉપમાઓ વિપુલ પ્રમાણમાં જોવામાં આવે છે.

माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्,
प्रबोध्य यो योजति शुद्धधर्मे ।
न तत्समोऽरिः क्षिपते भवाब्धौ,
यो धर्मविघ्नादिकृतैश्च जीवम् ॥

જે ધર્મનો બોધ આપીને શુદ્ધ ધર્મમાં જોડે તે જ તત્ત્વથી ખરેખરાં માબાપ, તે જ ખરેખરાં હિતસ્વી અને તે જ સુગુરુ સમજવા. જે આ પ્રાણીને સુકૃત્ય અથવા ધર્મના વિષયમાં અંતરાય કરીને સંસાર-સમુદ્રમાં ફેંકી દે છે તેના સરખો કોઈ દુશ્મન નથી.

—આચાર્યશ્રી મુનિસુંદરસૂરીશ્વરજી

# આચાર
# અને
# વ્યવહાર

દુનિયામાં ઘણાંખરાં દુઃખ માણસને જીભથી ભોગવવાં પડે છે. સ્વાદની અતિશયતા જેમ રોગ અને છેવટે મરણ લાવે છે તેમ વાણીની અતિશયતા શત્રુતા ઊભી કરે છે, ઘાતક પણ નીવડે છે. મૌન સેવવાથી લાભ છે, આપણામાં કહેવાય છે કે 'ન બોલ્યામાં નવ ગુણ' અને 'વગર બોલાવ્યો બોલે તે તરણાને તોલે.' માટે માણસે જો સુખી રહેવું હોય તો બોલવામાં, સાંભળવામાં અને જોવામાં ઘણો સંયમ રાખવો. કેટલાક વાતોડીયા માણસો ઘણીવાર આપણને ઉપાધિરૂપ થઈ પડે છે. આ ઉપરથી ધડો લઈ આપણે પણ જરૂર પૂરતું બોલવું. બે પાંચ જણ વાત કરતાં હોય તેમાં વચ્ચે ન પડવું, અભિપ્રાય માગે તો સમજીને આપવો. કારણોમાં ઉતરવું નહીં કેમકે તેથી મતભેદ થાય છે.

× × ×

જે શબ્દો સાંભળવાથી આપણા મનને દુઃખ થાય એવા શબ્દો બીજાને માટે તેની હાજરીમાં કે ગેરહાજરીમાં એટલે પાછળથી કદી પણ વાપરવા નહીં. ઘણાં માણસો ક્રોધમાં ન બોલવાનું બોલી નાંખે છે. અને "માથું કાપ્યા પછી પાઘડી બધાવવા" નીકળે છે. એમાંથી વેરઝેર થાય છે માટે ક્રોધના પ્રસંગો ઊભા ન થાય એવી રીતભાત રાખવી. વ્યાકરણના ગ્રંથોમાં કહ્યું છે કે "એક પણ શબ્દ સારી રીતે બોલાયેલો હોય તો તે કામધેનુના જેટલું ફળ આપે છે." સૌને સારી અને મીઠી ભાષા ગમે છે માટે બોલવામાં વિવેક ચૂકવો નહીં.

(જરઠ : ભાવનગર સમાચાર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષમાં પ્રવેશ

## ज्ञानक्रियाभ्याम् मोक्षः ॥

જ્ઞાની મહાત્માઓએ જ્ઞાન અને ક્રિયાને મુક્તિનો માર્ગ કહ્યો છે. તેથી મુક્તિમાર્ગના પથિકે જ્ઞાન અને ક્રિયાને પોતાના જીવનમાં સ્થાન આપવું જોઇએ. પોતાની સઘળી ક્રિયાને જ્ઞાનદીપકના પ્રકાશથી ઉજાળવી જોઇએ. એથી મુક્તિમાર્ગના સાધનારે જ્ઞાનની જ્યોત સદા ઝળકતી રાખવી જોઇએ. એ જ્ઞાનની–અધ્યાત્મ–જ્ઞાનની જ્યોતને ઝળહળતી રાખવા 'શ્રીઆત્માનંદ પ્રકાશ' પંચાવન વર્ષથી સતત પ્રયત્ન કરી રહ્યું છે. એવા જ્ઞાનદીપકને ઝળહળતો રાખવા અનેક વિદ્વાન મુનિરાજ તથા અન્ય વિદ્વાન ગૃહસ્થો સહકાર આપતા રહ્યા છે, તેમનો અમે આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે તેઓ પોતાનો સહકાર આપવાનું ચાલુ રાખશે.

આ રીતે પ્રગતિવાંચ્છુ અનેક આત્માઓ માટે વર્ષોથી આનંદવૃદ્ધિ અને પ્રગતિ કરવાની ભાવનાથી જ્ઞાનજ્યોતનો પ્રકાશ ફેલાવતું 'શ્રી આત્માનંદ પ્રકાશ' આજે ૫૬મા વર્ષમાં પ્રવેશ કરે છે અને વિશ્વમાં જ્ઞાન જ્યોતનો પ્રકાશ ફેલાવી આત્મજ્ઞાનનો પ્રકાશ ફેલાવવાની ભાવના વ્યકત કરે છે.

દેશને આઝાદી પ્રાપ્ત થયાને આજે અગિયાર વર્ષ વીતી ગયા. તે સમય દરમિયાન આપણા રાષ્ટ્રે અનેક ક્ષેત્રોમાં વિકાસ સાધવા પ્રયાસો આદર્યા છે. આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે અહિંસાનો પયગામ આપતા પંચશીલની જગતને ભેટ આપી. આપણા દેશમાં પણ રાજકીય અને આર્થિક વિકાસના ભગીરથ પ્રયત્નોની સાથોસાથ કેળવણીના ક્ષેત્રમાં પણ સ્તુત્ય પ્રગતિ કરી છે. પરિણામે પ્રજામાં આજે જ્ઞાનની ભૂખ ઉઘડી છે. પ્રજા અજ્ઞાનના અંધારા ઉલેચી જ્ઞાનદીપકના પ્રકાશને ઝીલવા ઉત્સુક બની છે. એ વખતે 'શ્રી આત્માનંદ પ્રકાશ' પણ લોકોની આ જ્ઞાનક્ષુધાને સંતોષવા યથાશક્તિ ફરજ બજાવવા અભિલાષા સેવે છે. વિજ્ઞાનના નૂતન યુગની જરૂરીયાત સમજી અધ્યાત્મ જ્ઞાન અને આગમવાણીની ભાવનાને અમે 'આત્માનંદ પ્રકાશ' દ્વારા સમાજમાં ફેલાવવા ઇચ્છીએ છીએ.

## ગત વર્ષના બનાવો પર વિહંગદૃષ્ટિ

નૂતનવર્ષના પ્રારંભે આપણે ગતવર્ષના બનાવો ઉપર એક વિહંગદૃષ્ટિ કરી લઇએ.

ગયા વર્ષમાં જૈન સમાજનું ગૌરવ અને આનંદ વધારનારો એક પ્રસંગ તે સમગ્ર સમાજમાં એક જ સંવત્સરી પર્વની આરાધનાનો છે. તિથિચર્ચાના અનેક વર્ષોના ઝઘડા પછી એક જ દિવસે આખા સમાજે સંવત્સરી પર્વની આરાધના કરવાનો જે ઐતિહાસિક નિર્ણય લેવાયો તે શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇની નિષ્ઠા અને કુનેહને આભારી છે. આવા ઐક્યને માર્ગે દોરી જનાર ઐતિહાસિક નિર્ણય લાવવામાં અગ્રભાગ લેનાર શેઠશ્રી આખા સમાજના અભિનંદનના અધિકારી છે. શેઠશ્રીના [illegible]ાર્યમાં સહકાર આપનાર સર્વે આચાર્યાદિ [illegible] અને ગૃહસ્થો પણ માનને પાત્ર છે. [illegible] કે આવી જ રીતે બીજા અણઉકલ્યા [illegible] હિત કાજે એક સરખા નિર્ણયો [illegible] સમાજ વધુ સંગઠિત બને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો જ આનંદદાયી પ્રયાસ છે–ધાર્મિક શિક્ષણ-ક્ષેત્રે એકવાકયતા સ્થાપવાનો. ધાર્મિક શિક્ષણમાં એક સરખો અભ્યાસક્રમ ઘડાય તે માટે મુંબઇમાં ધાર્મિક પરીક્ષા લેનારી સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમજ ધાર્મિક શિક્ષણમાં રસ લેતા ભાઇઓનું સંમેલન યોજાયું અને એકીકરણ સમિતિની રચના થઇ એ ઘણું આવકારપાત્ર છે. તેમના કાર્યને અમે સફળતા ઇચ્છીએ છીએ.

સામાજિક ક્ષેત્રે પણ આપણો સમાજ સજાગ બન્યો છે. લગ્નાદિ પ્રસંગોમાં સાદાઇ અને ઓછા ખર્ચના સિદ્ધાન્તના પ્રચારને ઠીક વેગ મળ્યો છે. પણ હજી એ દિશામાં વધુ નક્કર યોજના અને પ્રગતિની જરૂર છે. આપણે ઇચ્છીએ કે નૂતન વર્ષમાં સમાજ એ બાબતમાં પણ પ્રગતિ કરે. સાથોસાથ મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે ઠેકઠેકાણે ગૃહઉદ્યોગોની પ્રવૃત્તિ થઇ રહી છે તે પણ ખૂબ ફુલેફાલે એ માટે સમાજે વધારે લક્ષ્ય આપવું જોઇએ.

## સભાની પ્રવૃત્તિઓ

'શ્રી આત્માનંદ પ્રકાશ'-માસિક:-ગતવર્ષમાં આત્માનંદ પ્રકાશ માસિકમાં ૧૭ પદ્ય, ૪૨ ગદ્ય લેખો, તેમજ ૧૧ પરચુરણ લેખોની વાનગી પીરસવામાં આવેલી. ગદ્ય–પદ્ય લેખોમાં ઠીક ઠીક વૈવિધ્ય જાળવવા પ્રયાસ થયેલ છે. આ સાહિત્ય–રસથાળ તૈયાર કરવામાં પૂજ્ય વિદ્વાન પં. શ્રી રામવિજયજી ગણી, મુનિરાજશ્રી દર્શનવિજયજી, પં. સુશીલવિજયજી તથા મુનિશ્રી લક્ષ્મીસાગરજી તેમજ શ્રી બાલચંદ હીરાચંદ, શ્રી અભ્યાસી, શ્રી અમરચંદ માવજી, શ્રી પાદરાકર, શ્રી વિઠ્ઠલદાસ મૂ. શાહ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી હીરાલાલ ર. કાપડીઆ. શ્રી મોહનલાલ ચુ. ધામી, શ્રી મગનલાલ ડી. શાહ, શ્રી કાન્તિલાલ જ. દોશી, ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ, પ્રો. શ્રી જયંતીલાલ બી. દવે, વગેરે વિદ્વાન લેખકોએ સારો સહકાર આપેલ છે, તે સૌનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

### સભાના અન્ય પ્રકાશનો :—

કથાદીપ :-ગત વર્ષમાં જીવનવિકાસ માટે પ્રેરણાદાયી આ પુસ્તક સભાએ પ્રકટ કર્યું છે. પૂજ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીએ બહુ જ સરળ ભાષામાં અને મનોહર શૈલીમાં રચેલ આ 'કથાદીપ' પ્રકટ કરતાં અમને આનંદ થયો છે.

આ ઉપરાંત 'ધર્મકૌશલ્ય' નામનો ગ્રંથ અત્યારે છપાઇ રહ્યો છે. સ્વ. શ્રી મોતીચંદ ગિ. કાપડિયાના લેખોનો આ સંગ્રહ ચિંતન અને વિચારણા પ્રેરે તેવો છે અને તે લોકપ્રિય થઈ પડશે તેમાં શંકા નથી.

આ સભા ઘણા શુભેચ્છકોના સહકારથી વિકાસ સાધી રહી છે, તે સર્વનો અમે આભાર માનીએ છીએ. ખાસ કરીને જેઓશ્રી આ સભાના ઉત્કર્ષ માટે સતત ચિંતા સેવી રહ્યા છે અને જેમના શુભ પ્રયાસથી આ સભા આજે ગૌરવવંતી બની છે તે શ્રી આગમપ્રભાકર મુનિમહારાજશ્રી પુણ્યવિજયજીનો આભાર માનવાની આ તક લઇએ છીએ. મુનિમહારાજશ્રી ભુવનવિજયજી તથા તેમના દર્શનશાસ્ત્ર-પારંગત વિદ્વાન શિષ્યરત્ન મુનિમહારાજશ્રી જંબુવિજયજી, જેઓ આ સભાના પ્રકાશન અર્થે મહાન્ દર્શનગ્રંથ "દ્વાદશારનયચક્ર"નું અવિરત શ્રમ લઇને છેલ્લા બાર વર્ષથી સંપાદન કરી રહ્યા છે તેમનો આભાર માનીએ છીએ. પ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજીએ પોતાનો 'કથાદીપ' ગ્રંથ પ્રકાશન માટે અમને આપ્યો તે માટે પણ તેઓશ્રીનો અને "ધર્મકૌશલ્ય"ના લેખો છાપવાની પરવાનગી આપવા માટે સ્વ. શ્રી મોતીચંદભાઇના સુપુત્રોનો પણ અમે આભાર માનીએ છીએ.

### અમારી મનઃકામના

નૂતન વર્ષમાં 'આત્માનંદ પ્રકાશ' માસિકને વિવિધ કથાઓ, ઐતિહાસિક અને વિવેચનાત્મક તેમજ સંશોધનપૂર્ણ લેખો અને કાવ્યો તેમજ નિબંધોથી સમૃદ્ધ કરવાની ભાવના રાખીએ છીએ અને વિદ્વાન મુનિ મહારાજો તથા લેખક-વિચારક મહાશયોને તેમાં સહકાર આપવા નમ્ર વિનંતિ કરીએ છીએ.

શ્રી કાંતિલાલ જ. દોશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિણામની ધારા

મોહનલાલ દી. ચોકસી

વીતરાગ દર્શનમાં ભાવ યાને આત્માના પરિણામ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. એ પાછળનું રહસ્ય અવધારીએ તો સરળતાથી સમજી શકાય કે દરેક આત્મા, પછી ચાહે તો તે વિપુલ પ્રમાણમાં ધનનો માલિક હોય અથવા તો તેની પાસે એકાદ ફૂટી બદામ પણ ન હોય, આમ છતાં ભાવનાનો સધિયારો લઈને તે આગળ વધવા માંગે તો એમાં ઉપર દર્શાવેલ તફાવતથી કોઈ પણ પ્રકારની રૂકાવટ થતી નથી. કોડી વગરનો માનવી સમજપૂર્વક ભાવશ્રેણીમાં ઉર્ધ્વન કરતો આગળ વધે તો એ પેલા ધનિકની શક્તિને બાજુ ઉપર હડસેલી મૂકી ઇપ્સિત કાર્યની સિદ્ધિ કરી શકે છે. એ કારણે '**ભાવના ભવનાશિની**' જેવી ઉક્તિ પ્રમાણિત બની છે. આ માટે જૈન સાહિત્યમાં રાજવી કુમારપાલનું ઉદાહરણ સવિશેષ જાણીતું છે.

પૂર્વભવમાં મંત્રીશ્વર ઉદાયનનો જીવ એક શેઠરૂપે હતો જ્યારે રાજવીનો જીવ એમને ત્યાં નોકર હતો. સંપત્તિશાળી શેઠ અહર્નિશ પુષ્પોનો થાળ લઈ દેવાલયમાં પ્રભુપૂજને જતાં, એ નોકર જોઈ રહેતો. વળી પર્વના દિનોમાં તો પુષ્પોનું પ્રમાણ એથી પણ વધી જતું. શેઠના કાર્યક્રમથી આ નોકરને પણ પ્રભુની પુષ્પપૂજા કરવાની અભિલાષા જન્મી. એણે પોતના પગારમાંથી સમય જતાં પાંચ કોડી બચાવી અને પર્વ દિનનો યોગ સાંપડ્યો ત્યારે શેઠની રજા મેળવી, પેલી પાંચ કોડીના અઢાર ફૂલ લીધા અને અંતરના અજોડ ઉમળકાથી જેનું વર્ણન ન થઈ શકે એવી ભાવનાથી પ્રભુપૂજન કર્યું. શેઠ તથા નોકર ઉભયને આ શુભ કરણીના ફળ લાધ્યા. પણ એમાં જે અંતર પડ્યું એ '**ભાવ**'ના મહત્વને સહજ સાબિત કરે છે. નોકરનો જીવ મહારાજા કુમારપાળ થયો. શેઠની રોજ કરાતી ભક્તિમાં જે ભાવનાનો વેગ નહોતો ઉદ્ભવ્યો તે નોકર એવા જીવે પોતાના પરસેવામાંથી પ્રાપ્ત કરેલ નજીવી રકમના પુષ્પો પાછળની એક દિનની પૂજામાંથી મેળવ્યો. એ વાત ઉપરથી પ્રચલિત બનેલ નિમ્ન દુહો સૌ કોઈ બોલે છે.

પાંચ કોડીના ફૂલડે, જેના સિધ્યા કાજ;
કુમારપાળ રાજા થયા, પામ્યા દેશ અઢાર.

પણ એ પાછળનું રહસ્ય પિછાનનારા આંગળીના ટેરવે ગણાય તેટલા! જો એ સંખ્યા વધારે હોય તો આજે દેવસ્થાનોમાં અને તીર્થસ્થળોમાં જે દોડાદોડ અને ધમાધમ દૃષ્ટિગોચર થાય છે તે જોવા વારો ન આવે. મહાતીર્થ શ્રી શત્રુંજય ઉપર પ્રભુ આજ્ઞાને નેવે મૂકી જે વીંધેલા ફૂલોના હાર ચઢાવાય છે તે સહજ અટકી જાય. જૈન સમાજનો મોટો ભાગ જ્ઞાનવિહુણી ભક્તિમાં કે આડંબર યુક્ત કરણીમાં રક્ત બનેલો દેખાય છે. **गुणाः पूजास्थानम् न च लिंगम् न च वयः** જેવું સૂત્ર એ વીસરી ગયો છે. quality ને બદલે quantity, નો ઉપાસક બન્યો છે અને 'પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય' જેવા વચન તરફ આંખો મીચી રહ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મના ચારે પ્રકારમાં ભાવનું સ્થાન ચોથું છે. એની હૈયાતી હોય તો જ પ્રથમના ત્રણ **'દાન-શિયળ અને તપ'** યથાર્થ ફળ દેનારા બને છે. જ્યાં એનો છેદ ઊડતો હોય ત્યાં ફળપ્રાપ્તિમાં ભારે ખોટ આવે છે ! રૂપીઓ આનાના મૂલ્યમાં વટાવાય છે ! જે **ભાવ** યાને **ભાવનાનું** મૂલ્યાંકન આટલી હદે મહત્તા ધરાવે છે એ ઉદ્‌ભવે શી રીતે એવો પ્રશ્ન સહજ થવાનો. ઉત્તરમાં વિના સંકોચે કહી શકાય કે જ્ઞાન અને અભ્યાસ વિના એ સ્થિતિ ન જ સંભવે. **' प्रथम ज्ञान ने पछी किरिया श्री सिद्धांते भाख्यु'** એ વચન પ્રમાણે સૌપ્રથમ પ્રત્યેક કરણી પાછળ જે આશય બતાવાયો હોય તે સમજી લેવો જરૂરી છે. જાણ્યા પછી એના ઉપર દૃઢ શ્રદ્ધા રાખવી જરૂરી છે. પૂર્વાચાર્યોએ ચેતવણી આપતાં જણાવ્યું છે કે—

**શ્રદ્ધા વિન જે અનુસરે, પ્રાણી પુન્યના કામ;**
**છાર ઉપર તે લીંપણો ઝાંખર ચિત્રામ.**

જાણ્યા પછી જો પાકી શ્રદ્ધા બેઠી તો મનોરથ સાધનામાં અર્ધો પંથ કપાયો એમ સમજી લેવું. એ પછી અભ્યાસનો સધિયારો લેવાની અગત્ય છે. 'જ્ઞાન–દર્શન અને ચારિત્ર'રૂપ આત્માના મૂળ ગુણોનું સાચા અને શુદ્ધ સ્વરૂપમાં આવી જવું એનું નામ જ આત્મસાક્ષાત્કાર અથવા તો કર્મજય છે. એમાં જાણ્યું–વિચારીને નક્કી કર્યું" એટલે ત્રીજો નંબર આચરણમાં ઉતારવાનો આવે છે. જેમ મનોહર ભોજનનો થાળ નજર સામે પીરસેલો હોય, વળી એમાં રહેલી જુદી જુદી વાનીઓનું જ્ઞાન પણ હોય, આમ છતાં હાથવડે એ મ્હોંમાં મૂકવામાં ન આવે તો કેવળ જોવાથી પેટ ન ભરાય. એકેકને ઉપાડીને પેટમાં પહોંચાડવાનો પ્રયત્ન કરવો જ પડે. એ જ પ્રમાણે ક્રિયાનું મહત્ત્વ છે. વિચાર–ઉચ્ચાર અને વર્તનરૂપ ત્રિપુટી દ્વારા જ પ્રગતિ સાધી શકાય છે એટલે જ મનસા વાચા કર્મણા જેવું સૂત્ર પ્રચલિત બન્યું છે, માટે જ ' અભ્યાસને કંઇ અશક્ય નથી જ' એમ નીતિકારોએ થાળો ટીપી જણાવેલું છે.

**अभ्यासेन क्रिया सर्वा**
**अभ्यासाद् सकला कला।**
**अभ्यासाद् ध्यानमौनादि**
**किं अभ्यासस्य दुष्करम् ? ॥**

પ્રત્યેક આત્મા કે જેને આ માનવજન્મ પામ્યાની સાર્થકયતા કરવી છે એણે રોજ થોડો અવકાશ મેળવી ભાવનામાં મન પરોવવું જોઇએ. એ જગતના દૈનિક કાર્યક્રમથી કોઇક સમયે એવો અપૂર્વભાવ આવી જશે કે–'એ પળ લાખેણી બની જશે.' સાહિત્ય-સાગરમાં અવગાહન કરીશું તો આવી અણમોલી તક સાંપડતાં કામ થઇ ગયાના દૃષ્ટાંતો સહજ સાંપડશે. કેટલાક બનાવોમાં તો અધમ દશાએ પહોંચેલા આત્માનો ઉદ્ધાર જોતજોતામાં થઈ ગયેલા જણાશે. એ વેળા ભગવંતનું વચન **कम्मे शूरा धम्मे शूरा** સ્મૃતિપટમાં તાજું થઇ આવશે. સત્ત્વગુણનો ચમકારો દૃષ્ટિએ ચઢશે અને આત્મામાં રહેલી અનંત શક્તિનું ભાન થશે. **ભાવના** પાછળનું પ્રાબલ્ય સમજાશે.

એ જાતના ઉદાહરણો પ્રતિ નજર કરતાં પૂર્વે આપણે પંચમ કાળમાં જન્મ્યા છીએ અને કેટલીક બાબતોમાં અનુકૂળતાઓ પણ છે એ વાત હરગીજ ન ભૂલીએ. સર્વજ્ઞ અને જ્ઞાનીઓનો વિરહ છે એ આપણને ખટકે તેવું છે છતાં એ પરોપકારી સંતોએ આપણને એવું સુંદર માર્ગદર્શન કરેલ છે કે એમાં સાચી રીતે રંગાતા કાર્યસિદ્ધિ જરૂર થાય જ. આચરણમાં મૂકતી વેળા પાકો ઇરાદો હોવો ઘટે. 'ક્યાં તો કાર્યની સાધના અથવા તો દેહનું વિસર્જન' જેવો ભાવ સતત અંતરમાં રમતો હોય તો કંઇ જ વસ્તુ અશક્ય નથી. ખુદ ચરમ તીર્થપતિ ભગવંતશ્રી મહાવીરદેવના સમયમાં થઇ ગયેલા–**અર્જુનમાળી** અને **દૃઢપ્રહારી**-ચોરના દૃષ્ટાંતો આપણી ચક્ષુ સામે એ વાતના જીવંત પુરાવારૂપ છે.

અહર્નિશ છ પુરુષ અને એક સ્ત્રી મળી સાત જીવોને યમના દરબારમાં મોકલનારા એ અર્જુનમાળીનો પાપપુંજ કેટલો ભારી હશે ! આમ છતાં શ્રેષ્ઠીસુદર્શનનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય મિત્રતાનું સ્વરૂપ

અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ

Oh friendship! of all things the most rare and therefore most scarce, because most excellent, whose comforts in misery are always sweet and whose counsels in prosperity are ever fortunate" **Lilly.**

**(સર્વ વસ્તુઓમાં મૈત્રી અતિશય સુંદર છે અને તે અતિ વિરલ છે. તેથી સંકટના સમયમાં તેના દિલાસા હમેશાં મિષ્ટ છે અને સંપત્તિના સમયમાં તેનો શિખામણો હમેશાં હિતકારક છે.) લીલી**

**तन्मित्रमापदि सुखे च समक्रियं यद्**

(જે સુખદુ:ખમાં સમક્રિય રહે છે તે જ ખરો મિત્ર છે)

મીઠા, સત્યનિષ્ઠ અને સહાયક મિત્રો હોવાના અભિજ્ઞાન કરતાં જગતમાં કોઈ વસ્તુ વિશેષ સુંદર અને આનંદપ્રદ છે? જે મિત્રોની સ્નેહ–ભક્તિ સંપત્તિ કે વિપત્તિમાં સમાન રહે છે અને જે મિત્રો સંપત્તિના સમય કરતાં વિપત્તિના સમયમાં વિશેષ ચાહે છે એવા મિત્રો હોવા તે, ખરેખર, સદ્‌ભાગ્યનું ચિહ્ન છે. શાસ્ત્રકારે પણ તેમજ કહેલું છે.

સીવીલ વોર વખતે અમેરિકાના પ્રેસિડન્ટ થવા માટે ઉમેદવાર તરીકે લિન્કનનું નામ જણાવવામાં આવ્યું તે સમયે કોઇએ કહ્યું કે લિન્કન પાસે કાંઈ નથી, માત્ર પુષ્કળ મિત્રો છે. એ વાત સત્ય છે કે લિન્કન અત્યંત ગરીબ હતો, માનનીય દેખાવ ધારણ

---

મેળાપ એના જીવનમાં પલ્ટો આણે છે અને ભગવંતની વાણી એનો ભાવી પંથ ઉજાળે છે. એના મૂળમાં જોશું તો જણાશે કે સમજ્યા ત્યાંથી આગળ વધવું અને અટલ શ્રદ્ધાથી આરંભેલી કૂચ ચાલુ રાખવી. પશ્ચાત્તાપનો પાવક આકરા કર્મોને પણ બાળી નાખે છે. યાદ કરો રાજર્ષિ પ્રસન્નચંદ્રનો કાયોત્સર્ગ પ્રસંગ.

જગતમાં જે મહાહત્યાઓ ગણાય છે એ સર્વ દૃઢપ્રહારીએ કરી નાંખી હતી. એના જીવનમાં પણ અચાનક ક્ષમામૂર્તિ શ્રમણના દર્શન કોઇ નવો જ રંગ પૂરે છે. પેલો પાપના પોટલાથી હતાશ બની નિરાશામાં ઝોલા ખાઈ રહ્યા છે ત્યાં નાદ સંભળાય છે–ચાર હત્યાના કરનાર માનવી! જો તારા હૃદયમાં પશ્ચાત્તાપનો ભાવ પાકા પાયે હોય તો એ પાપપંકમાંથી છૂટકારો મેળવવાનો ઉપાય મારી પાસે છે.

પૂજ્ય સાધુજી! મારું મન પોકારી રહ્યું છે કે મેં મહાન પાપો કર્યા છે. ઘા કરતી વેળા પાછું વાળીને જોયું સરખું નથી! એ કરીને મારી તાકાત માટે રાચ્યો છું.

સાંભળ, માનવ માત્ર ભૂલને પાત્ર છે. પણ ભૂલને જાણ્યા પછી એ સુધારવાનો સંકલ્પ દૃઢતાથી કરવો જોઇએ. એ વેળા પોતાના આચરણથી ભૂતકાળમાં જેને જેને શોષવું પડ્યું હોય, તેના તેના તરફથી જે કંઇ ઉપાલંભ–મારફાડ કે આક્રમણ આવી પડે તે સમતાથી સહન કરવા જોઇએ. જ્ઞાની ભગવંતોએ દર્શાવેલ આ ઉપાય અતુટ શ્રદ્ધાથી અમલી બનાવનાર સાચે જ કર્મના પાશમાંથી મુક્તિ મેળવે છે. જીવનમાં એવો પળ આવી જાય છે કે જેથી પરિણામશુદ્ધિ સાંપડે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા ને કપડાં ખરીદવા માટે તેને કોઈની પાસેથી પૈસા ઉછીના લેવા પડયા હતા અને ઉચ્ચપદનો સ્વીકાર કરવા માટે તેને પચાસ ગાઉ પગે ચાલવું પડયું હતું. વળી એ પણ ઐતિહાસિક સત્ય છે કે તેને પ્રેસિડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ત્યાર પછી તેના કુટુંબને વોશીંગ્ટન લઇ જવા માટે તેને પૈસા ઉછીના લેવા પડ્યા હતા. પરંતુ આ અદ્દ્ભુત શક્તિ ધરાવનાર પુરુષ મિત્રોની બાબતમાં પૂર્ણ ભાગ્યશાળી અને સંપત્તિવાન હતો.

મિત્રો એક પ્રકારના ભાગીદાર છે. જેનાથી પોતાના મિત્રનું હિત થતું હોય તેમાં સાચા મિત્રો અંતઃકરણથી ભાગ લે છે; જીવનમાં પોતાનો મિત્ર વિજયી થાય તે માટે તેને મદદ કરવાને નિખાલસ દિલથી યત્ન કરે છે. પોતાનો મિત્ર જે કાર્ય સાધવાને પ્રયત્નશીલ હોય છે તેમાં મદદગાર બને છે. અને પોતાના મિત્રને જે લાભ થાય છે તેનાથી તેનું હૃદય આનંદિત બને છે. મિત્રોની સ્નેહ ભક્તિ કરતાં વિશેષ ઉદાત્ત, ઉન્નત અને મનોહર કોઇ વસ્તુ હોવાનો સંભવ નથી.

અમેરિકાનો મર્હુમ પ્રેસિડન્ટ થિયોડોર રૂઝવેલ્ટ શક્તિમાન અને ઉત્સાહી મિત્રોની સહાય વગર પોતાની સર્વ અદ્દ્ભુત શક્તિવડે મહાન કાર્યો સાધી શકત કે કેમ તે શંકાયુકત છે. ખાસ કરીને વિદ્યાર્થી અવસ્થામાં તેણે જે મિત્રો કર્યાં હતા તેની મદદ વગર તે પ્રેસિડન્ટની ઉચ્ચતમ પદવી પ્રાપ્ત કરી શકત નહિ એ નિઃસંદેહ હકીકત છે ત્યારે તે પ્રેસિડન્ટની અને ન્યૂયોર્કના ગવર્નરની પદવી માટે ઉમેદવાર તરીકે બહાર પડયો હતો ત્યારે તેના હજારો સહાધ્યાયી મિત્રો તેને તે માનદપદથી વિભૂષિત કરવા માટે સખત પ્રયાસ કરી રહ્યા હતા. પ્રેસિડન્ટની પસંદગી વખતે તેના મિત્રો તરફથી તેને પસંદ કરવા માટે હજારો મત આવ્યા હતા.

આપણું સર્વદા શ્રેય ઇચ્છનાર, આપણા માટે અહોનિશ કાર્ય કરનાર, દરેક પ્રસંગે આપણા માટે સારો અભિપ્રાય આપનાર, આપણને ઉત્સાહિત કરનાર, આપણને સન્માર્ગે જોનાર, આપણી ગેરહાજરીમાં આપણા વતી બોલનાર, આપણા દૂષણોને અને નિર્બળતાને ઢાંકનાર આપણને હાનિ પહોંચાડનાર, અસત્ય બાબતોનો ઉચ્છેદ કરનાર, આપણને સુધારવાને સતત યત્ન કરનાર, આપણા પર થતા આક્ષેપોનો બચાવ કરનાર આપણને સહાયભૂત થવાને અને પ્રોત્સાહન આપવાને હમેશાં કંઇ ને કંઈ કરી છૂટનાર અને છેવટે ધર્મમાં નિયુક્ત કરનાર ઉત્સાહી મિત્રો હોવાના અહોભાગ્યનો વિચાર કરો ! જો આપણને સાચા મિત્રોની પ્રાપ્તિ ન થઇ હોત તો આપણે ઘણાં ઓછાં કાર્યો કરી શકત. લોકોની ટીકાઓનો આપણા મિત્રોએ પ્રતિકાર ન કર્યો હોત તો આપણી કીર્તિ કલંકિત અને દૂષિત થાત. આપણાં સુહૃદ વર્ગે ગ્રાહકો ન મોકલ્યા હોત અને ઉપયોગી સલાહ આપી આપણા વેપારમાં સહાય ન કરી હોત તો આપણી આર્થિક ઉન્નતિમાં થોડે ઘણે અંશે ન્યૂનતા પાળવી.

આપણી નિર્બળતાનું, આપણા દૂષણોનું અને વિચિત્ર જાતિસ્વભાવનું ગોપન કરવા આપણા મિત્રો કેવી સરસ રીતે મથે છે ? પોતાના મિત્રોના દૂષણો છુપાવવાને, અવિચારી અને હૃદયશૂન્ય પુરુષોની કઠોર ટીકાથી પોતાના મિત્રનું રક્ષણ કરવાને અને પોતાના મિત્રની નિર્બળતા છુપાવી તેના સદ્દગુણો પ્રકટ કરવાને યત્ન કરવા મનુષ્યને જોઇએ છીએ ત્યારે અકથ્ય આનંદનો અનુભવ થાય છે. આવા મનુષ્યની પ્રશંસા કર્યા વગર કોઇ પણ રહી શકતું નથી; કેમકે સૌ કોઇ જાણે છે કે તે મિત્રપદને શોભાવે એવો એક ખરેખરો સુહૃદ જગતમાં સન્મિત્ર પદ કરતાં કોઇ પણ વસ્તુ વિશેષ પવિત્ર નથી. બીજાની કીર્તિ આપણા હાથમાં છે તેનો અર્થ ભાગ્યેજ થોડા લોકો સમજી શકે છે. અન્ય વ્યક્તિ વિશે આપણે જેમનું માન અથવા અભિપ્રાય બાંધીએ છીએ તેને તે વ્યક્તિના જય અથવા પરાજય, યશ અથવા અપયશની સાથે નિકટ સંબંધ રહેલો છે. જેમાંથી પોતરફ આપણે દુર્લક્ષ રહીએ તે કદાચ તેમની કીર્તિને જીવનપર્યંત કલંકિત અને મલિન કરી મૂકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે માણુસે સ્વમાન અને આત્મ–સંયમ ગુમાવ્યા છે, જે પશુની સપાટી સુધી અધોગત થયો છે તેવા મનુષ્યને એક સાચા મિત્રની પ્રાપ્તિથી કેવો લાભ થાય છે તે વિચારવા જેવી વાત છે. જ્યારે આપણા સ્વમાન અને આત્મ–સંયમ નષ્ટ થાય છે ત્યારે આપણો ત્યાગ ન કરતાં આપણુને દૃઢતાથી વળગી રહે છે તે જ સાચો મિત્ર છે.

એક માણુસ મદિરાપાનના વ્યસનને અને સર્વ પ્રકારના વિષયને એટલો બધો આધીન થઈ ગયો હતો કે તેના કુટુંબીજનોએ ઘરમાંથી તેનો બહિષ્કાર કર્યો. તે આવી પરિસ્થિતિમાં મુકાયો છતાં તેના એક મિત્રે તેના તરફ પોતાનો મિત્ર તરીકેનો ધર્મ કેવી રીતે બજાવ્યો તે વૃતાંત જાણુવા યોગ્ય હોવાથી અહિં આપવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય. તેના માતા પિતા, પત્ની અને બાળકોએ તેનો પરિત્યાગ કર્યો તે સમયે ઉક્ત મિત્ર તો તેના તરફ અનુરક્ત જ રહ્યો. તે રાત દિવસ અનેક મુશીબતો વેઠીને મિત્ર પાછળ પાછળ ભમતો અને અનેક વખત તે મદિરાપાનથી ઉન્મત્ત દશામાં હોય ત્યારે એને મૃત્યુના પંજામાંથી બચાવી લેતો. હજારો વખત આ મિત્ર ઘરબાર તજી તેને વેશ્યાગૃહમાં શોધતો અને તેની જિંદગીનું આપત્તિમાંથી રક્ષણુ આપવા પોતાથી બનતું કરતો. અને આ અપ્રતિમ સ્નેહ અને મિત્રભક્તિએ એ અધોગત મનુષ્યનો ઉદ્ધાર કર્યો અને શિષ્ટાચારથી સમન્વિત થવાથી તેના કુટુંબીજનોએ તેનો પુનઃ સ્વીકાર અને સત્કાર કર્યો. આવા પવિત્ર સ્નેહ અને ભક્તિની કીંમતનું કદિ માપ થઇ શકે ?

આપણુામાંના ઘણુાખરા લોકોના જીવનમાં એક સાચો મિત્ર કેટલું પરિવર્તન કરી શકે છે ? અનેક કર્તવ્યપરાયણ મિત્રોએ અનેક મનુષ્યોને નિરાશ થતાં અને કાર્યસિદ્ધિ માટે યત્ન તજી દેવા અટકાવ્યા છે. અમુક વ્યક્તિ મને ચાહે છે, અમુક વ્યક્તિને મારામાં વિશ્વાસ છે તે વિચારે અનેક સ્ત્રી પુરુષોને આપઘાત કરતા અટકાવ્યા છે. પોતાના મિત્રોની અવગણુના કરવા કરતાં અને તેઓને હતાશ કરવા કરતાં ઘણા લોકોએ પીડા, દુઃખો અને વિટંબનાઓ સહન કરવાનું પસંદ કર્યું છે. એક મિત્રના સ્નેહાળ શબ્દોમાંથી ઉત્સાહનું જે સ્ફુરણુ થાય છે તે અનેક મનુષ્યોનાં જીવનમાં મહાન પલટો લાવનાર થઈ પડે છે. જેઓ પોતાના પર અદ્વિતીય સ્નેહની લાગણી ધરાવે છે, જેઓ પોતાના પર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે અને અન્ય લોકોને દર્શનાતીત એવું કંઈક જેઓને પોતાની અંદર દેખાય છે એવા ખરેખરા મિત્રોની ખાતર કાર્ય સિદ્ધ કરવાની આશામાં ઘણા મનુષ્યો અનેક પ્રકારના કષ્ટ વહોરી લે છે અને અનેક પ્રકારના અપવાદો સહન કરે છે.

મિત્રોનો વિશ્વાસ એ એક પ્રકારનું સતત અને ચિરસ્થાયી પ્રોત્સાહન છે, ત્યારે આપણુને સમજાય છે કે આપણા મિત્રોને આપણામાં વિશ્વાસ છે ત્યારે આપણે યથાશક્તિ યથામતિ પ્રયાસ કરવાને પ્રેરાઈએ છીએ. એક અંગ્રેજી વિદ્વાન ઠીક જ કહે છે કે Life is to be fortified by many friendships. To love and to be loved is the greatest happiness of existence. અર્થાત્ જિંદગીને ઘણા મિત્રોરૂપી કિલ્લાથી પરિવૃત કરવી જોઈએ. અન્ય લોકો પર પ્રીતિ રાખવી અને અન્યના પ્રીતિભાજન થવું એ જ જિંદગીનું સર્વોત્તમ સુખ છે.

ધંધાનો આરંભ કરવામાં દ્રવ્યની જેટલી જરૂર છે તેટલી જ પુષ્કળ મિત્રોની પણુ છે. જેઓ અત્યારે ફતેહમંદ નીવડયા છે તેઓએ એક મિત્રના ઉત્તેજનના અભાવે જીવનના કોઈ વિષમ પ્રસંગે સર્વ પ્રયાસ તજી દીધા હોત. આપણા મિત્રોએ આપણા માટે જે કર્યું છે તેનાથી જો આપણુને વંચિત કરવામાં આવે તો આપણું જીવન કેવળ શુષ્ક અને નીરસ બની જાય એમાં સદેહ નથી. તમે કોઈપણુ કાર્યની અથવા ધંધાની શરૂઆત કરવા માગતા હો તો કર્તવ્યનિષ્ઠ મિત્રો હોવાની કીર્તિ તમને એક મહાન ટેકારૂપ થઇ પડશે અને તમારા પ્રતિ ગ્રાહકોને ખેંચી લાવશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખ અને દુઃખ

શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર '

સુખ અને દુઃખ એ એક જ જાતની પણ ભિન્નરૂપ ધારણ કરનારી ભાવના છે. જેમ એક જ રૂપીઆની બે બાજુઓ હોય છે તેવો એ પ્રકાર છે. સુખથી જે સંવેદના જાગૃત થાય છે, લગભગ તેવી જ સંવેદના દુઃખના આવેગથી પણ ઉત્પન્ન થાય છે. સુખ જીવને ગમે છે તેમ દુઃખ ગમતું નથી, એ વાત સાચી છે. પણ એક સરખું સુખ જ ચાલુ રહે અને દુઃખની સંવેદનાનો સંપૂર્ણ અભાવ જ જ્યારે થાય છે ત્યારે જીવનની અંશતઃ કાંઈક દુખ પેદા કરવાની વૃત્તિ જાગે છે. રોજ મિષ્ટાન્ન ભોજન મળતું રહે એ પણ કોઈને ગમતું નથી, માટે જ એ વચમાં વચમાં સાદો ખોરાક લેવા લલચાય છે. અને સાદો નીરસ ખોરાક પણ એને ગમી જાય છે. શહેરી જીવન જે સુખ-સગવડોથી ભરેલું હોય છે તેનો પણ કોઈ વખત કંટાળો આવી જાય છે. અને માનવો જંગલના ભાગમાં એકાંત અને અગવડોવાળું જીવન ગાળવા ઇચ્છે છે. દુઃખનો ઉદ્રેક થાય છે ત્યારે મનુષ્યો રડે છે અને આનંદનાં પ્રસંગે હસવા અને નાચવા માંડે છે. એટલે બંને જાતના ઉદ્રેકોનું શમન કરે છે ત્યારે જ તેનું મન સ્વસ્થ થાય છે. દુઃખથી પણ જીવને એક જાતનો આરામ જ મળે છે. શોક પર્યવસાયી નાટકો જોવા મનુષ્યો જાય છે, ત્યાં આંખે રૂમાલ લગાવી દુખનો અનુભવ મેળવે છે. પણ એ નાટક જોવા એને મન થયા જ કરે છે. એનું કારણ દુઃખના બાહ્ય કારણોથી એકાંતે દુઃખ જ થાય છે એમ માનવાનું કારણ નથી. સુખનો અનુભવ મેળવવો હોય ત્યારે એના પહેલા દુઃખનો અનુભવ થએલો હોય તો સુખની સંવેદના વધારે સુખદ લાગે છે. ઘણા વખત સુધી ખાવાપીવાનું કાંઈ મળેલું ન હોય ત્યારે ખૂબ ભૂખ લાગે છે અને બાહ્યદૃષ્ટિથી સુખ નહી આપનારું લુખુંસૂકું ભોજન પણ પ્રિય અને સુખ આપનારૂં નિવડે છે, બે દિવસ ખૂબ ઉજાગરો વેઠેલો હોય અને જીવને પડું પડું થઈ જતું હોય ત્યારે ઊંઘ આવવા માટે નરમ ગાદલાની જરૂર પડતી નથી. સામાન્ય જગ્યા ઉપર પણ ઘસઘસાટ ઊંઘ આવી જાય છે અને જાગ્યા પછી ઘણા સુખનો અનુભવ થાય છે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, સુખ અને દુઃખ સાપેક્ષ છે, તેમ પરસ્પરાવલંબી પણ છે. એટલે દુઃખના અનુભવ વિના સુખનો આસ્વાદ ચાખવા મળતો નથી તેથી જ મનુષ્યો સુખનો અનુભવ મેળવવા માટે દુઃખને આમંત્રણ કરે છે.

આપણે એક એવી કલ્પના કરીએ કે, બધો વખત અજવાળું જ રહે અને સૂર્યપ્રકાશ કાયમ જ રહે.

---

એક વિદ્વાને કહ્યું છે કે Destiny is determined by friends ( મિત્રો ભાગ્યને નિશ્ચિત કરનાર છે ) જેઓ જીવનમાં વિજયવંત નીવડ્યા છે અને પોતાના મિત્રમંડળમાં અત્યંત સન્માનને પાત્ર બન્યા છે એવા લોકોના જીવનનું પૃથક્કરણ કરીએ અને તેઓના વિજયનું રહસ્ય શોધી કાઢીયે તો તે બોધક, વિનોદપ્રદ અને હિતકારક થઈ પડશે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે એ સ્થિતિમાં આપણુને આનંદ અને સુખ જ થશે શું? અથવા ધારો કે, અખંડ રાત્રિ જ ચાલુ રહે ત્યારે તે આપણુને ગમશે શું? આનંદ આવશે શું? એના જવાબમાં આપણે એકમત થઈ જવાબ આપીશું કે, 'ના. ના, એ સ્થિતિ સુખ આપનારી તો નહીં જ હોય.' મતલબ કે, જેમ અજવાળાની જરૂર હોય છે, તેટલી જ અંધારાની પણ જરૂર હોય છે. કોઈ સ્થિતિ એકાંતિક રીતે સુખ આપનારી નથી હોતી. તેમ દુઃખ આપનારી પણ નથી હોતી. એટલે જ અમો કહીએ છીએ કે, સુખ સાથે દુઃખ સંકળાએલું જ હોય છે. એટલું જ નહીં પણ દુઃખની જરૂર પણ હોય છે. કોઈ તીર્થભૂમિ પર્વત ઉપર હોય અને તે પર્વત ઉપર ખૂબ કષ્ટ વેઠી જે તીર્થને ભેટે છે તેનો આનંદ ખરેખર ઘણો સમાધાનકારક હોય છે. એણે જે કષ્ટ વેઠ્યા હોય છે તેનો બદલો એ આનંદ દ્વારા મળી રહે છે. સારાંશ એવો તારવી શકાય છે કે, દુઃખના બદલામાં જ આનંદ મેળવી શકાય છે. આનંદ એ કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. પણ દુઃખાવલંબી વસ્તુ છે. ખૂબ કષ્ટ વેઠી જે ધન કમાય છે તેને દ્રવ્યનો વ્યય ઘણી સાવચેતી રાખી ખર્ચવાનું મન થાય છે. અકસ્માત્ વારસો કે અન્ય કારણે દ્રવ્ય હાથમાં આવી જાય છે એવો મનુષ્ય વગર જરૂરે પણ દ્રવ્ય ખર્ચી નાખે છે. કષ્ટપૂર્વક કમાનારો ઘણા વિવેકપૂર્વક દ્રવ્ય ખરચે છે.

એકાદ વસ્તુનો આપણને ખપ હોય છે. તે મેળવવા આપણે પ્રયત્ન કરીએ. પણ તે મેળવવામાં કોઈ અવરોધ હોય છે. તેના માટે આપણુને દુઃખ થાય છે. તિરસ્કાર અને દ્વેષ જાગે છે, અને એ રીતે અનેક દુઃખોની પરંપરા જાગે છે. પણ આપણે તે વસ્તુની આપણુને જરૂર નથી એમ માની મનમાં સમાધાન રાખવાથી તે વસ્તુના મેળવવામાં અવરોધો છે, તેના માટે દ્વેષ કે ઈર્ષા રાખવાનું કારણ આપોઆપ મટી જાય છે. અને આપણુને દુઃખનું કાંઈ પણ કારણ રહેતું નથી.

દુઃખના પ્રસંગો ટાળવા જ હોય તો આપણે પ્રાપ્તસ્થિતિમાં આનંદ અને સમાધાન રાખવા માટે મનને કેળવવું જોઈએ. આપણે સારી પેઠે જાણીએ છીએ કે, જગતમાં સુખના સાધનો વધી રહ્યા છે. એ બધા જ સુખો આપણુને મળી જાય એવો જરાએ સંભવ નથી. ત્યારે એ બધી વસ્તુઓ માટે ઝંખના આપણે રાખતા નથી. અર્થાત્ એટલી બાબતમાં આપણે પરિસ્થિતિને વશ થઈને સુખની મર્યાદા બાંધી લઈએ છીએ. ત્યારે આપણા દુઃખને કે અસંતોષને પણ મર્યાદા પડી જ જાય છે. પેરીસમાં કે ન્યૂયોર્કમાં રહી ત્યાંનું વિલાસી જીવન જીવવાનું મન થઈ જાય, પણ એ વસ્તુ બનવી આપણા માટે શક્ય નથી. એમ સમજાઈ જાય છે ત્યારે એ મેળવવાનો આપણો મોહ મટી જાય છે અને એ મેળવવા માટે રહેતી તાલાવેલીનું દુઃખ આપોઆપ મટી જાય છે.

ઘરની ગરીબી હેય, બાલબચ્ચાંઓ હોય અને આવક મર્યાદિત હોય ત્યારે ગૃહિણી કુશલ, કુલવાન હોય તો એ બધાને યુક્તિપૂર્વક સાદું પણ રુચિવાળું ભોજન જમાડી જમી શકે છે. અને એ જ ગૃહિણી જો ફુવડ હોય તો ઘરમાં કંકાસને જન્મ આપે અને રોજ નિત્ય નવી લડાઈ જગાડે. એવા ઘરમાં આવક વધે તો પણ સુખનું નામ પણ ન મળે એટલે એવા ઘરમાં દુઃખને જ હમેશ આવકાર મળતો રહે. એવા ઘરમાં સુખનો નિવાસ ક્વચિત જ થવાનો! એ ઉપરથી જણાય છે કે, સુખ અગર દુઃખ મેળવવું એ આપણા હાથમાં છે. કોઈ માણસને કેરીનો રસ પણ ભાવતો નથી અને કોઈને દૂધ ઉપરની મલાઈનો પણ તિરસ્કાર હોય છે. એ કોઈ પૂર્વજન્મના કર્મનો ઉદય હોય છે. એવે વખતે ઘણાઓને વસ્તુ પ્રિય હોવા છતાં છોડવી જ પડે છે. અને એ વસ્તુઓ પોતાને ભાવતી નથી એ માટે સમાધાન રાખવું જ પડે છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે, સુખ વસ્તુઓમાં સમાએલું નથી પણ આપણી લાલસામાં જ સમાએલું હોય છે. એ લાલસા જો જતી કરવામાં આવે તો પછી દુઃખનું મૂળ જ નષ્ટ થઈ જાય છે. એક કહેવત છે કે, 'સુખ ચાહો તો સંતોષ' એટલે કોઈ બહારથી લાવવાની વસ્તુ નથી. પણ સંતોષ રાખવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ સુખનો અંતર્ભાવ થઈ જાય છે. અને અસંતોષને લીધે જ દુઃખ પ્રાપ્ત થાય છે.

પૂર્વ કર્માર્જિત પુણ્ય કે પાપને કારણે આપણને સુખ અગર દુઃખ મળે છે, એ સહુ કોઈ જાણે છે. આ જન્મમાં જે કર્યું ન હોય એનો બદલો આ જન્મમાં ન મળે. પણ પાછળના ભવમાં કરેલ પુણ્ય કે પાપનું ફળ તો તે કર્મ પાકયા પછી મળવાનું જ હોય. ત્યારે પૂર્વજન્માર્જિત પુણ્યના ફળ તરીકે મળતા સુખથી ફુલાવાની કે પાપના ફળ તરીકે મળતા દુઃખથી પણ ગભરાવાનું કે દુઃખી થવાનું શું કારણ છે? જ્યારે આવેલું સુખ અખંડ ટકવા માટે આવેલું નથી ત્યારે દુઃખ પણ બેસી રહેવા માટે છે જ નહીં. બંને જાતનો ઉદ્રેક બંધ થતાં જેમ સુખ નષ્ટ થવાનું છે તેમ દુઃખ પણ જવાનું તો છે જ. ત્યારે સુખ આવે ફુલાવાનું કે દુઃખ આવે રડવાનું શું કારણ છે? ધૈર્યપૂર્વક એ સહન કરવું જ પડે. દિવસ આવ્યા પછી રાત્ર આવવાની જ છે, તેમ રાત્રિ પૂરી થતાં દિવસ ઉગવાનો જ છે. એ વસ્તુ ત્રિકાલાબાધિત સત્ય છે. ત્યારે સુખમાં આનંદ અને દુઃખમાં વેદના નહીં અનુભવતા શાંતિ રાખવી એ જ આપણા માટે ઉચિત છે.

કૂવામાંથી પાણી કાઢવા માટે કોઈ જગ્યાએ ઘટની માળા લગાવવામાં આવે છે. એ દરેક ઘટ ઉપર આવતાં ખાલી થતો રહે છે ત્યારે નીચે બીજો ઘટ ભરાતો જાય છે. એવી એ ઘટમાળા અવ્યાહત ચાલ્યા જ કરે છે. આપણા સુખ દુઃખની ઘટમાળ એવી જ એક સરખી ફરતી જોવામાં આવે છે. ત્યારે એના માટે હર્ષ કે શોક કયાં સુધી આપણે માનવાના? એટલે જ એક સુભાષિતકારે કહ્યું છે કે, **संतोषं एव पुरुषस्य परं निधानम्।** એટલે સંતોષ રાખવો એ મનુષ્ય માટે મોટા નિધાન જેવું છે. એમ કહેવાનો હેતુ એ છે કે, સંતોષ નહીં રાખવાથી જ બધી આપત્તિઓ આવી પડે છે. અને દુઃખની માત્રા વધી જાય છે. તેમ સંતોષ રાખવાથી એ બધી પીડા મટી જાય છે. માટે જ સુભાષિતકારે સંતોષને મોટા નિધાનની ઉપમા આપેલી છે. એ નિધાનનો ઉપયોગ મનુષ્યે પોતાના કલ્યાણ માટે કરી લેવા યોગ્ય છે. અને જો એ સંતોષનું મોટું નિધાન આપણે ગુમાવી બેસીએ તો ગમે તે માર્ગે આપણી સામે દુઃખ આવી જ પડવાનો પૂરો સંભવ છે, માટે જ આપણે સુખની સંવેદના હો અગર દુઃખની સંવેદના હો આપણું સમતોલપણું ખોવું નહીં જોઈએ, એમાં જ આપણું કલ્યાણ છે.

શાસ્ત્રકારો એટલા માટે જ ફરમાવે છે કે, સુખમાં ગમે તેટલી સમૃદ્ધિ મળે અથવા દુઃખમાં આપત્તિઓની ઝડી વરસે તો પણ મનની શાંતિ ગુમાવવી નહીં તેમજ અકસ્માત મોટો લાભ થાય કે એકી સાથે બધું દ્રવ્ય નષ્ટ થઇ જાય તો પણ સમતા છાંડવી નહીં. કોઇ વખત આપણા ઉપર સત્કારનો વરસાદ થાય કે આપણો જયજયકાર થાય તો પણ આપણને બધું સહેજભાવે બધું સહન કરી લેવું તેમ કોઇ કારણસર આપણા ઉપર અપમાનનો વરસાદ વરસે તો પણ હસતે મોઢે એ વધાવી લેવું એ આપણી ફરજ છે. એમ કરવાથી જ સુખના ઉદ્રેકમાં આપણને અતિરિક્ત હર્ષ મળશે નહીં, તેમ દુઃખમાં અતિરિક્ત દુઃખ પણ થવાનું નથી. એટલે મનનું સમતોલપણું સમાન રાખવાનું આપણે શીખવું જોઈએ.

## મૌનની વાણી

એક રાતે એક ચકોરને ચન્દ્ર તરફ મીટ માંડી રહેલો જોઇને રાત્રિએ તેને કહ્યું, "આમ એકીટસે ચન્દ્રને માત્ર જોઈ જ શું રહ્યો છે? તેની સાથે કંઈ વાતચીત તો કર!"

ચકોરે ચન્દ્ર તરફ જોતાં જોતાં જ જવાબ આપ્યો "બહેન, તું એમાં નહિ સમજે! પ્રેમમાં તો મૌન જ બોલે છે. વાણી નહિ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતના ગામડાઓ

## પુરાતત્ત્વની દૃષ્ટિએ

વૃદ્ધિધર્મજયન્તોપાસક મુનિરાજશ્રી વિશાલવિજયજી

### વાવ

આ ગામ જૂનું છે. અત્યારે દોઢસો ઘર તપાગચ્છ મૂર્તિપૂજકનાં છે ને પચાસ ઘર તેરાપંથીનાં છે. ત્રણ દેરાસરો છે. બે ઉપાશ્રય છે. એક ધર્મશાળા છે. શ્રી વિજયસેનસૂરિએ કયા કયા ગામમાં કેટલા કેટલા સાધુઓએ ચોમાસું કરવું તે પટ બહાર પાડયો હતો, તેમાં વાવ ગામમાં ચાર સાધુઓનું ચોમાસું કરવા લખ્યું હતું. અત્યારે વાવમાં દોઢસો ઘર છે, પણ શ્રી વિજયસેનસૂરિજીના વખતમાં કમમાં કમ ત્રણસો ચારસો ઘર હશે, કારણ કે ચાલીશ ઘરવાળા ગામમાં વિસામો લેવાનું લખ્યું હતું.

આ ગામને વસાવનાર માટે એક દંતકથા મળે છે કે થરાદના રાજવી ચૌહાણ પુંજાજી જ્યારે મુસલમાનો સાથે લડાઇ કરતા મરાયા ત્યારે તેમની પત્ની સોઢીરાણી પોતાના નાના બાળક–બજાજીને લઇને દીપા કુંડલાની ટેકરી પર દીપા ભીલના આશ્રયે જઇ રહી અને બજાજી ઉમર લાયક થતાં આ સ્થળે તેણે એક વાવ બંધાવી અને વિક્રમ સંવત ૧૨૪૪માં વાવ નામે કસબો વસાવી રાણા પદવી ધારણ કરી અહીં રાજ્ય કર્યું ત્યારથી આ કસબો તેનાં વંશજોને આધીન છે. સૌથી મોટું દેરાસર શિખરબંધી અજિતનાથ ભગવાનનું દેરાસર છે. મૂળનાયકની પ્રતિમા સર્વ ધાતુની છે. પરિકર સહિત સાતથી આઠ ફુટ ઊંચાઇ છે. મૂર્તિ મનોહર અને જોવાવાળાને આહ્લાદ ઉત્પન્ન કરે તેવી છે. આ મૂર્તિ થરાદ વસાવનાર થિરપાલ ધ્રુવે વિક્રમ સંવત ૧૦૬માં ભરાવીને પોતે બંધાવેલા થરાદનાં મંદિરમાં પ્રતિષ્ઠિત કરી.

આ પરિકરના કાઉસગ્ગિયા થરાદના દેરાસરમાં છે. અત્યારે અહીં કાઉસગ્ગિયા છે તે બીજા ગામના છે. વિક્રમ સંવત ૧૧૭૭ જેઠ વદ ૪ સોમે–આટલા અક્ષર ઉકલે છે. આ મૂર્તિ ત્રિતિર્થી છે. આ દેરાસરના ત્રીજા માળમાં નગરપારકરથી આવેલા આરસના બિંબો વિ. સં. ૨૦૦૭ના મહા શુદિ તેરશે પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. મુસલમાનોના હુમલાથી આ પ્રતિમા થરાદથી અહીંઆ લાવેલ હોય તેમ લાગે છે. અત્યારનું આ મંદિર ચૌદમી અગર પંદરમી શતાબ્દિનું લાગે છે. આ મૂર્તિ અચળગઢમાં ચોમુખજીના મંદિરમાં છે તેવી જ વજનદાર અને બન્ને બાજુએ ત્રાંબાના કડાવાળી છે. ગામ બહાર આવેલું શિખરબંધી ગોડી પાર્શ્વનાથનું દેરાસર છે. મૂળનાયક આરસના છે. પરિકર ધાતુનું છે. બે ફુટ ઊંચું છે. વિ.સં. ૧૮૦૦ માં પ્રતિષ્ઠિત થયેલા છે. ત્રીજું દેરાસર રૂષભદેવ ભગવાનનું છે.

❀

### મુદતરા

આ ગામ ડુવાથી ત્રણ ગાઉ ઉપર આવેલ છે. દશાઓસવાળના ઘર ૨૬ છે. વિ. સં. ૧૯૦૧માં વણજારા લોકો પોઠિયામાં ભગવાનની મૂર્તિને લાવ્યા હતાં. મુદતરાના મહાજનોને ખબર પડવાથી તેઓએ વણજારા પાસેથી અમુક રકમ આપીને તે મૂર્તિ લીધી હતી. ધર્મશાળાના એક ગોખલામાં પ્રભુજીને સ્થાપન કરવામાં આવ્યા. ગોખલાની ઉપર ધાબું કરવામાં આવ્યું. આ પ્રતિમાજીની પલાંઠીમાં લેખ છે. સં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિંતન અને મનન

એ ન ભૂલતા કે સૌથી મહાન દુઃખનો કલાક પણ સાઠ મિનિટનો જ બનેલો હોય છે.

—સ્કૉટ પોલાર એક્સ્પ્લોરર

વૃક્ષ જ્યારે પાંગરતું હોય છે ત્યારે તમે તેના ફળ ચાખી શકતા નથી.

—હેરોલ્ડ નિકલ્સન

આદર્શ એ તો એક રમૂજી તત્વ છે. તમે મંડી પડો નહિ ત્યાં સુધી તે કંઇ કરી શકે તેમ નથી.

—બીવર્લી નિકોલ્સ

તમારી તબિયતની વાતો લોકો પાસે કરતા રહેશો નહિ. તેઓ જાણવા જ માંગતા નથી.

—ગેથે

વારંવાર બોલાવવાથી અથવા તો કોઈક જ વાર યાદ કરવાથી મિત્રો ગુમાવવાનો વખત આવે છે.

—હકસલી

જગત એક મુસાફરખાનું નહિ, પણ હું તો તેને એક દવાખાનું સમજું છું. કારણ કે તે જીવતા રહેવાનું સ્થાન નહિ પણ મરવાનું સ્થાન છે.

—સર થોમસ બ્રાઉન

ઇશ્વરે સ્રીને રૂપ આપ્યું, જેથી પુરુષ એને વળગી રહે; ને એને મૂરખ બનાવી જેથી એ પુરુષને વળગી રહે.

—અંગ્રેજી કહેવત

ભૂત શું છે એ જે નથી જાણતો એ જ માણસ અંધારામાં બીતો નથી.

—ચીની કહેવત

જે આકાશમાં જ ઉડે અને ધરતી પર ચાલવાને જેને પગ નથી, તેને હું સાહિત્ય માનતો નથી.

—ગેટે

સાત રંગ સાથે મળીને સફેદ રંગ ધારણ કરે છે. સાત સ્વર મળીને સંગિત ઉત્પન્ન થાય છે. શું મિત્રતાની એક રસતામાં પ્રભુ છુપાઇને બેઠો નથી?

—માખનલાલ ચતુર્વેદી

આપણી ખ્યાતિ આપણું એ રૂપ છે જેમાં સંસાર આપણને જુએ છે. અને આપણું આચરણ એ રૂપ છે જેમાં ભગવાન આપણને જુએ છે.

ટોમસ પેન


---

૧૮૩૬ વર્ષે મહા શુદિ ૬ આટલા અક્ષરો વંચાય છે. પાછળના ભાગમાં લેખ હોવો જોઇએ. પરંતુ ચુના વગેરેથી પ્રતિમાજીને સ્થિર કરેલા હોવાથી લેખ દબાઇ ગયો હશે. જ્યાં સુધી આ પ્રતિમાજી ધર્મશાળામાં હતા ત્યાં સુધી ગામમાં સંપ સારો હતો. લોકો પૈસાપાત્ર હતાં. ધર્મશાળાથી ૧૮૦ ડગલા દૂર શિખરબંધી દેરાસર તૈયાર કરાવ્યા બાદ આબૂવાળા શાંતિસૂરિજીને ગામના લોકો પૂછવા માટે ગયા કે મૂળનાયક તરીકે કયા પ્રભુજીને સ્થાપન કરવા? તેઓએ પાર્શ્વનાથ ભ૦ બતાવ્યા. પછી ત્યાંના લોકો ઇતિહાસ-વેત્તા પં. કલ્યાણવિજયજી મહારાજને પૂછવા ગયા કે અમારે મૂળનાયક તરીકે કયા ભગવાનને બેસાડવા? તેઓએ કહ્યું કે ગામ, સંઘ અને રાજા એ ત્રણના નામથી સુમતિનાથ ભ૦ ને મૂળનાયક તરીકે બેસાડવા સારૂં છે. પછી લોકો શાન્તિસૂરિએ અંજનશલાકા કરેલી પ્રતિમાઓ તથા બીજાઓએ અંજનશલાકા કરેલી પ્રતિમાઓ લાવ્યા. તિલકવિજયજી તથા વીરવિજયજીએ પ્રતિષ્ઠા કરાવી. તે જ દિવસે સંઘમાં તડ પડી ગયા. પ્રતિષ્ઠા થયા બાદ અંદરોઅંદર ઘણો કલેશ થયો, લોકો નિર્ધન થઇ ગયા. ધર્મશાળા કહો કે ઉપાશ્રય કહો, આની અંદર મણિભદ્રજીની સ્થાપના છે.

અસલ જતિનો ઉપાશ્રય હોવો જોઇએ. ઘણી આરસની પ્રતિમાઓ છે, ધર્મશાળા બે છે અને કુલ વસ્તી ૧૧૦૦ માણસોની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## કલિકાલસર્વજ્ઞ–

# શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય

મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી

ગુજરાત દેશમાં આવેલા અણહિલપુર પાટણમાં જ્યારે સિદ્ધરાજ જયસિંહ રાજ્ય કરતા હતા ત્યારે તે દેશમાં આવેલા ધંધુકા નામના નગરમાં એક મહાન ગુણવાન ચાચિંગ નામે મોઢ જ્ઞાતિનો શેઠ વસતો હતો. તેને પાહિની નામની શિલાદિક ગુણોથી ભૂષિત થએલી સ્ત્રી હતી. એક દહાડો તેણીએ સ્વપ્નમાં ચિંતામણિ રત્નને જોઇ ભક્તિથી તે રત્ન ગુરુમહારાજને સમર્પણ કર્યું. તે વખતે ત્યાં ચંદ્રગચ્છના મહાપ્રભાવિક શ્રી દેવચંદ્રાચાર્ય વસતા હતા. તેમને તે પાહિણીએ તે સ્વપ્નવૃત્તાંત પ્રભાતે કહી બતાવ્યો ત્યારે ગુરુમહારાજે પણ તેણીને તે સ્વપ્નનો એવો અર્થ કહ્યો કે 'તમોને આ સ્વપ્નથી એક મહાપુણ્યશાળી પુત્ર થશે, અને તે પુત્ર રાજાદિકનું માન મેળવીને જૈનધર્મનો ઉદ્યોત કરશે.' પછી અનુક્રમે તેણીએ પૂર્ણિમાના ચંદ્ર સરખા મહા તેજસ્વી એક પુત્રને વિક્રમ સંવત ૧૧૪૫ના કાર્તિક સુદ ૧૫ ને શનિવારે જન્મ આપ્યો. તે વખતે તેના પિતાએ તેનો અત્યંત આનંદપૂર્વક જન્મોત્સવ કર્યો અને તેનું ચાંગદેવ નામ પાડવામાં આવ્યું. પછી જ્યારે તે ચાંગદેવ અનુક્રમે પાંચ વર્ષનો થયો ત્યારે દેવચંદ્રાચાર્યની માંગણીથી તેને તેના માત-પિતાએ તેમને સોંપ્યો. ત્યારબાદ દેવચંદ્રાચાર્ય તે ચાંગદેવને લઈને ખંભાત પધાર્યા અને ત્યાં તેમનું સોમચંદ્ર નામ રાખીને વિક્રમ સંવત ૧૧૫૦માં તેમને દીક્ષા આપી. તે દીક્ષા મહોત્સવ ત્યાંના ઉદાયન મંત્રીએ કર્યો હતો. પછી ત્યાં તે સોમચંદ્ર મુનિએ પોતાની અપૂર્વ બુદ્ધિથી વ્યાકરણ, તર્ક, તથા સાહિત્યનાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ત્યાર બાદ વિક્રમ સંવત ૧૧૬૬માં તેમને યોગ્ય જાણીને દેવચંદ્ર મહારાજે પોતાની પાટે સ્થાપી સૂરિપદ આપ્યું અને તે સમયે તેમનું હેમચંદ્રાચાર્ય નામ રાખવામાં આવ્યું. આ આચાર્યજી પર ગુજરાતના રાજા સિદ્ધરાજની અત્યંત પ્રીતિ હતી. અને તે રાજાની પ્રેરણાથી તેમણે "સિદ્ધહેમ" નામનું અતિ સુંદર વ્યાકરણ બનાવ્યું હતું. તે વ્યાકરણનું પુસ્તક સિદ્ધરાજે હાથીની અંબાડી ઉપર મૂકીને તેનો ઘણો ઠાઠમાઠથી મહોત્સવ કર્યો હતો. વળી તેમણે કુમારપાળ રાજાને પ્રતિબોધ કરી જૈની કર્યો હતો અને તેથી તે કુમારપાળે તારંગાજી આદિ તીર્થો પર ઘણાં જૈન મંદિરો બાંધીને તથા જૈનધર્મનાં ઘણાં પુસ્તકો લખાવીને જૈનધર્મનો ઘણો જ ઉદ્યોત કર્યો હતો. તેમનું સઘળું વૃત્તાંત ઇતિહાસોમાં પ્રસિદ્ધ છે. આ મહાન્ પ્રભાવિક આચાર્યની વિદ્યાશક્તિ અત્યંત અદ્ભુત હતી તે તેમણે કરેલા મહાનગ્રન્થો આપણને સૂચવી આપે છે કેટલાક ગ્રન્થોના નામ આપવામાં આવ્યા નથી, તે જગજાહેર છે. આ મહાન આચાર્ય જૈનશાસનની ઊન્નતિ કરીને, અનશન કરી, શત્રુંજય પર વિક્રમ સંવત ૧૨૨૯માં સ્વર્ગવાસી થયાં, તે સંબંધી ઈતિહાસમાં દાખલો મોજુદ છે.

(દોહરો)

ભૂમિ ગુર્જર તન છે ધન્ય, તેં વીરો પકવ્યા' તા,
સૂરિ શ્રી હેમચંદ્રાદિ, મુનિઓને દીપાવ્યા' તા.

તમારા સ્વર્ગવાસે રે, રડાવી સર્વ આલમને,
વિરહની વેદના ભારે, સહેશે કેમ શૂન્ય મને ?

સૂરિશ્રી વીરશાસનના, ખરેખર સ્તંભરૂપ હતા,
સૂરિના શાસને ચાલો, સૂરિના નામને સ્મરતા.

સૂરિ જેવા ઘણા સૂરિઓ, પ્રભુના શાસને હોજો,
અમારા કોટિશઃ વંદન, સૂરિજી આપને હોજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






**શ્રી ધર્મસંગ્રહ–ગુજરાતી ભાષાંતર [ભાગ બીજો]**–ભાષાન્તરકાર–પ. પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ. શ્રીના વિદ્વાન શિષ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ, પ્રકાશક–શા અમૃતલાલ જેશીંગભાઇ, અમદાવાદ. ક્રાઉન આઠપેજી સાઇઝના પૃષ્ઠ ૫૩૬+૫૮=૫૯૪. પાકું હોલક્લોથ બાઇંડીંગ, સુંદર છાપકામ છતાં મૂલ્ય માત્ર રૂા. આઠ. પોસ્ટેજ રૂા. પોણાબે.

અઢારમા સૈકામાં જૈન શાસનના જે જે પ્રભાવક જ્યોતિર્ધરો થયા તેમાં પૂ. શ્રી માનવિજયજી ગણિનું સ્થાન મોખરે છે. તેઓશ્રીએ વિ. સં. ૧૭૩૧માં આ મહામૂલા ગ્રંથનું સર્જન કર્યું હતું. આગમ–સમુદ્રમાં છૂટા છૂટા વિખરાયેલ મોતીઓને એકત્ર કરી એક સુંદર "માળા" રચવા જેવું આ ગ્રંથનું સર્જન છે. આ અપૂર્વ ગ્રંથ પર ટિકા-ટિપ્પણી કરી મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિએ આ ગ્રંથને મહોરછાપ આપી છે.

પ્રસ્તુત મહાગ્રંથ બે વિભાગમાં પ્રગટ થયો છે. પ્રથમ ભાગમાં ગૃહસ્થ ધર્મનું વિશિષ્ટ સ્વરૂપ છે, જ્યારે આ બીજા વિભાગમાં સાધુધર્મનું વિસ્તૃત સ્વરૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે. સાધુધર્મના વિધિ–નિષેધ, ઉત્સર્ગ, અપવાદ વગેરેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભેદોની સુંદર રીતે છણાવટ કરવામાં આવી છે.

આ મહાગ્રંથમાં સાધુધર્મને અંગેની નાની–મોટી દરેક બાબતોને ગૂંથી લેવામાં આવી છે. એક રીતે કહીએ તો આ ગ્રંથને સામાચારીનો મહાસમુદ્ર કહી શકાય.

ગૃહસ્થ ધર્મ અને સાધુધર્મ પરસ્પરાવલંબનભૂત છે. ગૃહસ્થધર્મ હોજ કે સરોવરમાં પ્રવાહ પ્રમાણે તરવા જેવો છે, જ્યારે સાધુધર્મ મહાસમુદ્રમાં સામે પૂરે તરવા જેવો છે. આ દુષ્કર કાર્યને પણ સુગમ રીતે કર્તવ્યબદ્ધ કરી શકાય તેના વિશાળ માર્ગો અને કેડીરૂપ ટૂંકા માર્ગો પણ આ મહાગ્રંથમાં દર્શાવવામાં આવ્યા છે, એક રીતે કહીએ તો આગમશૈલી અને યોગશૈલીનું પરસ્પર મિલન કેવી રીતે થઇ શકે તે જાણવા માટે આ ગ્રંથ માર્ગદર્શક ઉત્તમ ભોમિયાની ગરજ સારે છે.

આપણો સમાજ પણ સાચા ગુરુતત્ત્વના કેટલાક વિષયોથી અજાણ છે. આજની ભૌતિક કેળવણીના પ્રતાપે ગુરુથી વિમુખ બનતા જતા વર્ગને માટે આ મહાગ્રંથ અવશ્ય ચિંતનીય છે અને વિશેષે કરીને જૈનેતર સમાજને "જૈન સાધુસમાજ"નું વિશિષ્ટ સ્વરૂપ, આચરણ અને કર્તવ્ય સમજાવવા માટે આ ગ્રંથનો વિશાળ પ્રમાણમાં પ્રચાર થવો ઘટે, ઉદ્બોધન લખીને પૂ. આચાર્યશ્રી જંબુસૂરિજીએ અને ભૂમિકા લખીને પૂ. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યે આ ગ્રંથની ઉપયોગિતા તથા મહત્તામાં વધારો કર્યો છે.

ભાષાન્તરકાર પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજીનો પ્રાણવાન પરિશ્રમ ખરેખર સૌ કોઇની પ્રશંસા માગી લે છે તેઓશ્રીએ "પ્રાક્કથન"માં આ ગ્રંથ અંગે કહેવા જેવું સર્વ કાંઇ કહી દીધું છે એટલે આ વિશાળ ગ્રંથને અંગે વિશેષ નહીં લખતા માત્ર એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે–પરમપદની પ્રાપ્તિના ઇચ્છુક ભાવિકે વહેલી તકે આ ગ્રંથ સાદ્યંત વાંચી લેવો ઘટે.

સમરથબહેન–જૈન શ્વે. મૂર્તિપૂજક જ્ઞાનોદ્ધાર ફંડ. (શેઠ મનસુખલાલની પોળ–અમદાવાદ)ના ટ્રસ્ટીઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથ–પ્રકાશનમાં જે સહાય કરી છે તે આવકારદાયક છે.

卐

**સ્તુતિચતુર્વિંશતિકા** યાને **નંદનવનની મીઠી સૌરભ**—સંપાદક પૂ. સાધ્વીશ્રી નંદનશ્રીજી મહારાજશ્રીની પ્રશિષ્યાઓ પૂ. સાધ્વીશ્રી હેમલતાશ્રીજી તથા પદ્મલતાશ્રીજી. પ્રકાશક–કંચનબહેન નડિયાદવાળા ક્રાઉન સોળ પેજી, પૃષ્ઠ ૨૨૫, હોલકલોથ સુંદર બાઇંડીંગ.

શોભનમુનિકૃત વર્તમાન ચોવીશીના તીર્થંકર ભગવંતોની સ્તુતિઓ આપણા સમાજમાં અને તેમાંય ખાસ કરીને સાધુ–સાધ્વી સમુદાયમાં ખૂબ જ આદરણીય છે. આ સ્તુતિઓ કઠિન હોઈ તેનો અર્થ સમજવામાં ઘણી વાર મુશ્કેલી રહે છે : આ ત્રુટીને દૂર કરવા માટે પૂ. સાધ્વીજી મહારાજોએ સુંદર પ્રયાસ કર્યો છે. આ સ્તુતિઓનું અધ્યયન કરતી વેળાએ તેઓએ તે સર્વનું અવતરણ કરી લીધું અને સર્વ કોઇ અભ્યાસકને સુગમ થઇ પડે તે માટે તેને સંકલનાબદ્ધ કરી આ પુસ્તકમાં તે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં મૂળ સ્તુતિઓ, તેનો શબ્દાર્થ, અન્વય, અન્વયાર્થ અને છેવટે સમાસ આપી પુસ્તકની ઉપયોગિતામાં વધારો કર્યો છે. પૂ. સાધ્વીજી મહારાજો વિદ્વાન હોઇ આ પુસ્તકમાં તેમની કલમપ્રસાદી દર્શાઇ આવે છે. પૂ. સાધ્વીજી મહારાજોનો આ પ્રયાસ પ્રશંસનીય છે.

૩. **શ્રી ભગવતી સૂત્રનાં ધાર્મિક પ્રવચનો**—પ્રવચનકાર પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજ. પ્રકાશક શ્રી મુક્તિ–કમળ–જૈન મોહનમાળા, વડોદરા. ક્રાઉન આઠ પેજી પૃ. આશરે ૨૭૫, પાકું બાઇંડીંગ, મૂલ્ય માત્ર રૂ. ત્રણ.

શ્રી મુક્તિ કમળ જૈન મોહનમાળાના સત્તાવનમા પુષ્પ તરીકે પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં વિદ્વાન આચાર્ય મહારાજશ્રીએ, વડોદરાખાતેના તેમના ચાતુર્માસમાં પંચમાંગ શ્રી ભગવતી સૂત્રની વાચના પ્રસંગે, જે રસમય શૈલીથી પ્રવચનો આપ્યા તેનો સંગ્રહ છે. પૂજ્ય આચાર્ય મહારાજશ્રી દ્રવ્યાનુયોગના પ્રખર વિદ્વાન તરીકે આપણા સમાજમાં સુપરિચિત છે. તેઓશ્રીની શૈલી કઠિન ને રસહીન વિષયને પણ રસમય ભાષામાં રજૂ કરી શકે તેવી સરળ છે.

આ પુસ્તકમાં તો ફક્ત પંદર પ્રવચનો જ અવતીર્ણ કરવામાં આવ્યાં છે, જેમાં ફક્ત શ્રી ભગવતીજીસૂત્રને અપાયેલ વિશેષણોનું સ્વરૂપ માત્રજ વર્ણવવામાં આવ્યું છે, જે આચાર્યશ્રીની વિદ્વત્તાની અને રસમય શૈલીની ઉત્તમ નિશાની છે.

આ પ્રવચનો વડોદરાવાસી શ્રી રંગીલદાસ કોઠારીએ સંપૂર્ણ સાંભળ્યા અને તેઓશ્રીની જ આર્થિક સહાયથી આ અનુપમ ગ્રંથ પ્રકાશિત કરવામાં આવ્યો છે. અમે પૂ. આચાર્યશ્રીના આ પ્રશસ્ય પ્રયાસ માટે હર્ષ વ્યક્ત કરી શ્રી કોઠારીને આનો બીજો ભાગ પ્રગટ કરવા સૂચન કરીએ છીએ.

૪. રાજવિદ્રોહ–(ભરત–બાહુબલનું યુદ્ધ) લેખક શ્રી જયભિખ્ખુ, પ્રકાશક–શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ. ક્રાઉન સોળપેજી સાઇઝ પૃષ્ઠ આશરે ૩૭૫. મૂલ્ય રૂ. સવાપાંચ.

સિદ્ધહસ્ત લેખક શ્રી જયભિખ્ખુની કલમથી હવે સમાજ સુપરિચિત છે. તેમણે ધર્મકથાઓને નૂતન સ્વરૂપ આપી ઘણાં ગ્રંથો આધુનિક શૈલીએ પ્રકાશિત કર્યા છે. આપણામાં સુપ્રસિદ્ધ ભરત–બાહુબલના યુદ્ધ પ્રસંગને ઉંચકી લઇને તેઓશ્રીએ તેને નવલકથાનો સુંદર આકાર આપ્યો છે. ભાઇ જયભિખ્ખુ, હવે તો જૈન ઉપરાંત જૈનેતર સમાજમાં પણ વિશિષ્ટ સ્થાન ધરાવતા થયા છે. વાચક–વર્ગને આ પુસ્તક વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. લેખક તથા પ્રકાશક બંનેને અભિનંદન આપી, આવા નૂતન પ્રકાશનો કરવાની પ્રેરણા કરીએ છીએ. પ્રયાસ આવકારદાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**अतीतभवपापाधिकरण पुद्गल वोसिराववानो विधि-** (दुष्कृतगर्हा) (પ્રતાકાર)–સંપાદક તથા સંયોજક પૂ. આ.શ્રી વિજયજંબૂસૂરિજીના શિષ્ય મુનિશ્રી નિત્યાનંદવિજયજી પ્રકાશક–આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઇ આગમમંદિર–ડભોઈ. પ્રતાકાર પૃષ્ઠ ૬૦

શ્રી આત્મ-કમળ–દાન–પ્રેમ-જંબૂસૂરિ જૈન ગ્રંથમાળાના પાંત્રીશમા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલી આ પ્રતમાં ગત ભવોના પાપાધિકરણ વોસરાવવાનો સુંદર વિધિ દર્શાવ્યો છે. તદુપરાંત પુણ્ય પ્રકાશનનું સ્તવન, ચાર શરણાં, (પ્રાકૃત તથા ગુજરાતી) પદ્માવતી આરાધના, સુકૃતની અનુમોદના, અંતિમ આરાધના વિગેરે ઉપયોગી વિષયોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વિ. સં. ૧૯૯૮માં અમદાવાદખાતે સૌપ્રથમ આ ક્રિયાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ઘણા મુનિવરોએ આ ક્રિયાને અનુમોદન આપી આ ક્રિયાનો પ્રચાર કર્યો હતો. પૂજ્ય મુનિશ્રીનો પ્રયાસ આવકારદાયક છે.

## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લી ના માલીક શેઠશ્રી ભોગીલાલ નગીનદાસ તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ "શ્રી જૈન આત્માનંદ પ્રકાશ"ના ગ્રાહકોને ભેટ આપવા માટે સં. ૨૦૧૫ની સાલના કાર્તિકી પંચાંગ મળ્યા છે. દર વર્ષે આ રીતે આત્માનંદ–પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવા માટે પંચાંગ મોકલવા બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

## શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીનો
# સ્વર્ગારોહણ મહોત્સવ

પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબનો સ્વર્ગારોહણ મહોત્સવ તા. ૮ તથા ૯-૧૦-૫૮ ને ગુરુ તથા શુક્રવારે પાલીનગરમાં આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજીની અધ્યક્ષતામાં ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

ગુરુવારે સવારે ગુરુદેવના ભજનો સાથે પ્રભાતફેરી કાઢવામાં આવી હતી.

સવારે ૯ા વાગે ખાસ તૈયાર કરેલ મંડપમાં કાર્યક્રમ યોજાયો હતો. વરકાણાની સંગીત મંડળીના ગુરુસ્તુતિના મંગલાચરણ પછી શ્રી મોહનલાલજી સ્યાલે ૧૫ મણ ઘી બોલી ગુરુદેવની વાસક્ષેપથી પૂજા કરી હતી પછી ગણીવર જનકવિજયજીએ મધુર ભાષામાં સ્વર્ગસ્થ આચાર્યદેવનું જીવન સંક્ષિપ્તમાં કહી સંભળાવ્યું હતું. અને પછીના મધુર સંગીત બાદ આચાર્યશ્રીએ ઉપસંહાર કરતા કહ્યું હતું કે સ્વર્ગવાસી પરમ ગુરુદેવે ઐક્યનો જે સંદેશો આપ્યો છે તે શ્રોતાઓના હૃદયમાં કોતરાઇ ગયો હશે. તેને અમલમાં મૂકી આજનો દિવસ આપણે સફળ બનાવીએ.

બપોરે ગુરુદેવની તસ્વીર સાથે શાનદાર વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને રાત્રીના હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી દલીચંદભાઇની અધ્યક્ષતામાં જાહેર સભા થઇ હતી. તેમાં વકીલ શ્રી મૂળચંદજી વગેરેએ પ્રવચન કરેલ. શુક્રવારે સભા થયેલ તેમાં ગણિવર શ્રી જનકવિજયજી આદિના પ્રવચન થયા હતા. ઉપસંહાર કરતાં આચાર્યશ્રીએ કહ્યું હતું કે ગુરુદેવના ઉપદેશથી સ્થાપન થયેલી સંસ્થાઓને આપણે લીલીછમ રાખવી જોઇએ, તેમજ નવી સંસ્થાઓ સ્થાપી તેમને પગલે ચાલવું જોઇએ, એ જ આ મહોત્સવનો સાર છે.

બપોરે વિશાળ મંડપમાં જૈનાચાર્યશ્રી આત્મારામજીરચિત નવપદજીની પૂજા સુમધુર રાગિણીપૂર્વક ભણાવવામાં આવી હતી.

આ બધા કાર્યક્રમોમાં અહીંના તેમજ આજુબાજુના ગામોના જૈન તેમજ જૈનેતર ભાઇઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ગરીબાઈનું મૂલ્ય

પૈસાની ખુમારી અને ગરીબાઈની લાચારીનો મર્મ પણ સમજવા જેવો છે. જે સ્વેચ્છાએ ગરીબાઇ સ્વીકારે છે તે કદી લાચારી કરતો નથી. એટલું જ નહિ પણ પૈસાની ખુમારી ત્યાં કામમાં આવતી નથી. પૈસાથી માન અને પ્રતિષ્ઠા મળે છે, પણ તે પોલાં હોય છે. પ્રજાનું અંતર પૈસાદાર તરફ કદી ઢળતું નથી. એ તો પૈસાને તુચ્છ ગણનાર કોઇ સંન્યાસી, સંશોધક, વિજ્ઞાની, કલાકાર, શહીદ કે સેવકને જ શોધે છે ને ત્યાં શાંતિ અનુભવે છે. લોકોનો મોટો ભાગ પૈસાની પાછળ પડેલો છે, એટલે જ જે પૈસાને તુચ્છ ગણે છે તે આ જગતમાં મહત્તા પ્રાપ્ત કરી જાય છે. ભોગ-વિલાસનાં સાધનો પૈસા વિના ન મળી શકે તે ખરું, પરંતુ તેની પ્રાપ્તિને વિકાસ સમજવો કે વિનાશ ? એથી સુખ વધે કે દુઃખ ? એથી આનંદની માત્રા વધે છે કે ઘટે ? શરીરનું સ્વાસ્થ્ય અને મનની પ્રસન્નતા તેથી વૃદ્ધિ પામે કે ઓછા થાય એ વિચારવાનું રહે છે.

આમ સમગ્ર રીતે વિચારતાં એમ લાગે છે કે પૈસો જે સુખ આપે છે તે તુચ્છ પ્રકારનું છે, એટલું જ નહિ પણ એવું સુખે ય કાયમ ટકી શકે એ પ્રકારનું હોતું નથી. કોઇ ઊંચા પ્રકારના આનંદોમાં રાચનારાઓ તો પૈસાની તુચ્છતા સમજે જ છે. જગતમાં જેમનાં નામો આજે ગવાય છે ને પૂજાય છે તેઓ પૈસાદાર નહોતા. સામાન્ય દુન્યવી માનવીની આંખે જોતાં પણ એમ લાગે છે કે માણસ ધારે છે તેટલું સુખ આપવા પૈસો સમર્થ નથી. જીવનની પ્રાથમિક જરૂરિયાત ઉપરાંત માણસ જે વસાવે છે તે જેમ-જેમ વધતું જાય છે તેમ તેમ સુખની માત્રા ઘટતી જ જાય છે. પૈસો, કીર્તિ, મોભો, સત્તાસ્થાન અંતે તો આનંદ માટે જ છે ને ? તો પછી જેના દ્વારા સાત્વિક ને શાશ્વત આનંદ પ્રાપ્ત થાય તેવી વસ્તુ પ્રાપ્ત કરવા કેમ ન મથીએ ?

'ગુજરાતી'ના પ્રશ્નપત્રમાંથી

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only